
वर्ष ૧૭ અંક ૩ સપ્ટેમ્બર–ડિસેમ્બર, ૨૦૧૨


उन्नति

# વિચાર




# આપત્તિ વ્યવસ્થાપનમાં ગુણવત્તા અને જવાબદેહી









આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.

# અનુક્રમ


**સંપાદકીય** 3

**વિકાસલક્ષી મુદ્દાઓ**
આપત્તિ વ્યવસ્થાપનમાં ગુણવત્તા અને જવાબદેહી 4

**મંતવ્ય**

ગરીબોને રોકડ રકમ આપવાની યોજના 12

છૂટક વેપારમાં સીધું વિદેશી રોકાણ 18

**આપના માટે**
વાદા ના તોડો અભિયાનઃ નવો વિકાસલક્ષી એજન્ડા 22

ઐક્યનું અર્થતંત્ર 23

**આપણી વાત**
દિલ્લીમાં ગરીબોને રોકડ રકમ આપવાના પ્રયોગનો અભ્યાસ 25

**સંદર્ભ સાહિત્ય** 21

# ગરીબ પરિવારોને રોકડ રકમથી સહાયઃ આવકાર્ય પ્રયોગ

ભારત સરકારે પહેલી જાન્યુઆરી-૨૦૧૩થી કેશ ટ્રાન્સફર સ્કિમની શરૂઆત કરી છે. ગરીબ પરિવારોને વિવિધ વસ્તુઓ કે સેવાઓ રાહત દરે પૂરી પાડવાને બદલે રોકડ રકમ આપવા માટેની આ યોજનાનો આરંભ ૨૦ જિલ્લાથી થયો છે અને પહેલી માર્ચથી તેનો અમલ ૪૩ જિલ્લાઓમાં થશે. ૨૦૧૪ સુધીમાં તમામ જિલ્લાઓમાં ગરીબ પરિવારો માટે આ યોજનાનો અમલ કરવાનો ભારત સરકારનો ઈરાદો છે. આ પ્રકારની યોજનાઓ દુનિયાના કેટલાક દેશોમાં ઘણી સારી રીતે થયો છે અને તેનાં સારાં પરિણામો આવ્યાં છે. તેથી ભારત સરકાર પણ ગરીબોને રોકડ રકમ સહાય પેટે આપવા માટે પ્રોત્સાહિત થઈ છે. ભારત સરકાર આ યોજનાને એ રીતે ખૂબ જ મહત્ત્વની ગણે છે કારણ કે તે ઘણી બધી યોજનાઓનો નાણાકીય પર્યાય બની શકે છે.

સરકારની ગરીબોને સહાય કરતી જાહેર વિતરણ વ્યવસ્થા સહિતની યોજનાઓમાં વ્યાપકપણે વિલંબ, ભ્રષ્ટાચાર અને ઊંચા વહીવટી ખર્ચની સમસ્યાઓ ઊભી થયેલી છે તેથી તેના વિકલ્પ સ્વરૂપે આ યોજનાનો અમલ શરૂ કરાયો છે. હાલ પણ પેન્શન, શિષ્યવૃતિ અને એ પ્રકારની યોજનાઓમાં ગરીબ પરિવારોને રોકડ રકમ આપવામાં આવે જ છે. એ સંદર્ભમાં આ યોજના તદ્દન નવી છે એવું નથી. પરંતુ ઘઉં-ચોખા-કેરોસિન જેવી ચીજો કે શિક્ષણ, રોજગારી અને આરોગ્ય જેવી સેવાઓના બદલે રોકડ રકમ આપવા માટે આ યોજનાનો અમલ થઈ રહ્યો છે એ એક નવતર બાબત છે.

જે ગરીબ પરિવારો પાસે આધાર કાર્ડ હશે તેમને જ આ યોજના હેઠળ લાભ પ્રાપ્ત થશે એવી જે શરત આ યોજનાના અમલ માટે રાખવામાં આવી છે તેમાંથી ઘણો ગૂંચવાડો ઊભો થયો છે. આધાર કાર્ડ સૌ ગરીબ પરિવારોને ન મળ્યા હોય તો મુસીબત ઊભી થાય તેમ છે. તેથી આધાર કાર્ડની સાર્વત્રિકતા આ યોજનાની સફળતા માટેની પૂર્વશરત બને છે. વળી, ગરીબ પરિવારના બેંક ખાતામાં સરકાર રોકડ રકમ જમા કરાવે છે ત્યારે બેંકોની શાખાઓ ગ્રામ વિસ્તારોમાં ફેલાયેલી હોય અને એ રીતે નાણાકીય સમાવેશની પરિસ્થિતિ ઊભી થયેલી હોય એ એક બીજી મહત્ત્વની પૂર્વશરત બને છે.

ગરીબ પરિવારોને રોકડ રકમ મળવાથી તેનો દુરુપયોગ ખાસ કરીને પરિવારના પુરુષ સભ્યો દ્વારા કરવામાં આવશે એવી આશંકા જતાવવામાં આવે છે, પણ દિલ્લીમાં રઘુવીરનગર વિસ્તારના ગરીબ પરિવારોમાં એક વર્ષ સુધી દિલ્લી સરકાર અને સેવા દિલ્લી દ્વારા કરાયેલા પ્રયોગોમાં આવી કોઈ સાબિતી મળી નથી. જો કે, રાજસ્થાનના અલવર જિલ્લાના કોટકાસિમ બ્લોકમાં સરકાર દ્વારા કરાયેલા પ્રયોગોનું સારું પરિણામ નહિ આવ્યું હોવાનો અહેવાલો પણ છે. તેથી આ યોજના વિશે સાવધાનીપૂર્વક આગળ વધવાની જરૂર છે. ખાસ કરીને અનાજના બદલે રોકડ રકમ આપવાનું ખરેખર જ કાળજીપૂર્વક હાથ ધરવાની જરૂર છે.

જે હેતુઓ માટે દેશના ગરીબ પરિવારોને રોકડ રકમ આપવામાં આવે એ હેતુઓ માટે જ એ રકમ ખર્ચાય એવી સુનિશ્ચિતતા ઊભી કરવાનું ઘણું કઠિન છે. પરંતુ પરિવારની મહિલાઓની સામેલગીરી અને યોજનાના હેતુ વિશે પરિવારના સૌ પુખ્ત સભ્યોની એકંદરે શિક્ષણ અને તાલીમ તેમાં મહત્ત્વની વિધાયક ભૂમિકા ભજવી શકે છે. પોષણ, શિક્ષણ અને આરોગ્યનું સ્તર ગરીબ પરિવારોમાં ઊંચું આવે તે માટેની સંખ્યાબંધ યોજનાઓમાં કરોડો રૂપિયા ખર્ચાય છે પરંતુ તેમનું ઝડપી ઈચ્છિત પરિણામ મળતું નથી તેથી તેના વિકલ્પ સ્વરૂપે પ્રયોજાયેલી આ યોજના ગરીબોને વ્યાપક બજારમાં પસંદગીની તકો પૂરી પાડે છે અને બજારમાં પોતાની ખરીદશક્તિ દ્વારા સક્રિય રીતે સામેલ થવા માટેની તેમની ક્ષમતામાં ખાસ્સો ઉમેરો કરે છે. સશક્તિકરણનો હેતુ તેનાથી બર આવે એવી સંભાવના વધે છે. ભારતમાં ગરીબી નિવારણ, આરોગ્ય સુધારણા, રોજગાર સર્જન અને શિક્ષણના સ્તરને ઊંચું લાવવા માટેના અનેક પ્રયાસો અધકચરા સફળ થયા છે ત્યારે આ પ્રયોગ આવકાર્ય તો છે જ.

# આપત્તિ વ્યવસ્થાપનમાં ગુણવત્તા અને જવાબદેહી

પ્રસ્તુત લેખ **શ્રી મયંક જોષી** દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. તેઓ ત્રણ દાયકાથી વિકાસના ક્ષેત્રમાં કામ કરતી વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં વિવિધ સંસ્થાઓ સાથે તેમણે કામગીરી કરી છે. તેઓ ઈન્ટર એજન્સી ગ્રુપ (આઈ.એ.જી.) - ગુજરાતના સક્રિય સભ્ય છે. ગુણવત્તા અને જવાબદેહી સંબંધી તાલીમ કાર્યક્રમોમાં તાલીમકાર તરીકે તેઓ યોગદાન આપે છે.

## પ્રસ્તાવના

વૈશ્વિક સ્તરે આપત્તિઓની સંખ્યા અને તેનાથી થતી ખુવારી વધતાં જાય છે. તેનાથી જાનહાનિ, સ્થાવર અને અન્ય સંપત્તિને નુકસાન થાય, જનજીવન ખોરવાઈ જાય, આરોગ્ય, શિક્ષણ, રોજગારીના ક્ષેત્ર પર અસર થાય, વિકાસની પ્રક્રિયા ખોરંભે પડે.

કુદરતી અને માનવસર્જિત આપત્તિઓથી અસરગ્રસ્ત સમુદાય માટે કામ કરનારી ઘણી સંસ્થાઓ સક્રિય છે. કેટલીક માત્ર આ જ પ્રકારનું કામ કરે છે. તો બીજી સંસ્થાઓ જ્યારે જરૂર પડે ત્યારે આવી કામગીરી હાથ ધરે છે. વર્ષોના કાર્યાનુભવને આધારે આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં ઘણો વિકાસ થયો છે. નાણાકીય ટેકો આપનારી સંસ્થાઓ, ટેક્નિકલ માર્ગદર્શન અને ક્ષમતાવૃદ્ધિ માટેની કાર્યરત સંસ્થાઓનો વિકાસ થયો છે. સાથોસાથ આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને સ્થાનિક સ્તરે સંસ્થાઓનાં નેટવર્ક પણ બન્યાં છે.

આપત્તિ વ્યવસ્થાપનમાં કામ કરનારી સંસ્થાઓ અને કાર્યકરો જે પરિણામો લાવે છે તેમાં ગુણવત્તા અને જવાબદેહી અંગે ઘણા સમયથી ચર્ચા શરૂ થઈ છે અને તેમાં સુધાર માટેના પ્રયાસો હાથ ધરાયા છે.

પ્રસ્તુત લેખમાં આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં ગુણવત્તા અને જવાબદેહી સંબંધી ફ્રેમવર્ક - વૈચારિક માળખાં સંબંધી માહિતી આપવામાં આવી છે. તેમાં હ્યુમેનિટેરિયન એકાઉન્ટેબિલિટી પાર્ટનરશિપ - ઈન્ટરનેશનલ (HAP-I), એક્ટિવ લર્નિંગ નેટવર્ક ફોર એકાઉન્ટેબિલિટી એન્ડ પર્ફોર્મન્સ (ANLAP), એક્ટ એલાયન્સ, પીપલ ઈન એઈડ અને સ્ફિયર પ્રોજેક્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## આપત્તિ વ્યવસ્થાપનમાં ગુણવત્તા અને જવાબદેહી

"પૈસા આપીએ છીએ એટલે સર્વિસ તો મળવી જોઈએ ને?"
"પૈસા પૂરા લે છે પણ સર્વિસ બરાબર નથી."
"સરકાર અને સંસ્થાઓ નાણાં તો ઘણાં વાપરે છે, પણ લોકો સુધી પહોંચતાં નથી કે લોકોને ફાયદો થતો નથી."

ઉપરનાં વિધાનો અવારનવાર આમ જનતામાં, શાસકીય વ્યવસ્થાના અધિકારીઓ, પદાધિકારીઓ તથા અન્ય હિતધારકોની ચર્ચા દરમિયાન પણ સાંભળવા મળે છે.

## વિવિધ દૃષ્ટિબિંદુઓ

આપતિ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં કાર્ય કરનારા અને માનવતાવાદી વિચારસરણીને અનુસરનારા સર્વેને ચિંતા એ વાતની છે કે,

- જેમને માટે (એટલે કે અસરગ્રસ્ત પ્રજાજનો) કામ કરીએ છીએ તેમના પ્રત્યેની જવાબદેહી (એકાઉન્ટેબિલિટી) જોવા મળે છે?
- અસરગ્રસ્ત પ્રજાજનોને અપાતી રાહત અને સવલતો ગુણવત્તાનાં ધોરણો મુજબ છે કે કેમ?

ગુણવત્તા અને જવાબદેહી વિશેની ચિંતા અનુભવ આધારિત છે કારણ કે ભૂતકાળમાં અસરગ્રસ્તોને સહાય કરવા માટે થયેલાં કામોના મૂલ્યાંકન દરમિયાન ગુણવત્તા અને જવાબદેહી વિશે ત્રુટિઓ જોવા મળી હતી.

- રવાન્દામાં થયેલાં વંશીય રમખાણોના પ્રતિભાવ રૂપે માનવતાવાદી સંસ્થાઓએ કરેલા કામના મૂલ્યાંકન દરમિયાન ત્રુટિઓ જોવા મળી હતી. (Joint Evaluation of Emergency Assistance to Rwanda - JEEAR- 1994)
- સુનામી (ડિસેમ્બર-૨૦૦૪) બાદ થયેલાં કામો દરમિયાન પણ ગુણવત્તા અને જવાબદેહી સંબંધી કેટલીક બાબતો અપૂરતી હોવાની વાત મૂલ્યાંકન દરમ્યાન જોવા મળી હતી. (The Tsunami Evaluation Coalition -TEC)

રવાન્દામાં થયેલા કામના મૂલ્યાંકનના અહેવાલમાં બે ભલામણો કરવામાં આવીઃ

(૧) સંસ્થાઓ આચારસંહિતા અને ધોરણોને ધ્યાનમાં રાખી કામગીરી

કરી શકે તે માટે નેટવર્ક દ્વારા તેનું મોનિટરિંગ કરવું.
(૨) આંતરરાષ્ટ્રીય સ્તરે એક્રેડિટેશન માટેની વ્યવસ્થા ગોઠવવી.

ઉપર જણાવેલા બે બનાવો સિવાયની આપત્તિના પ્રતિભાવ દરમિયાન પણ આ પ્રકારના અનુભવોની નોંધ મૂલ્યાંકન અહેવાલો અને અન્ય સાહિત્યમાં જોવા મળે છે.

ઉપરોક્ત ભલામણો અને અન્ય પ્રયાસોને પરિણામે આપત્તિ વ્યવસ્થાપનની કામગીરીમાં ગુણવત્તા અને જવાબદેહીના મુદ્દા પર ધ્યાન આપવાની શરૂઆત થઈ અને તેના વિશે કેટલીક સંસ્થાઓએ સાથે મળીને કામગીરીની શરૂઆત કરી. ૧૯૯૬માં એક્ટિવ લર્નિંગ નેટવર્ક ફોર એકાઉન્ટેબિલિટી એન્ડ પર્ફોર્મન્સ (ANLAP)ની શરૂઆત થઈ. ૧૯૯૭માં સ્ફિયર પ્રોજેક્ટની કામગીરીનો પ્રારંભ થયો. ૨૦૦૩માં હ્યુમેનિટેરિયન એકાઉન્ટેબિલિટી પાર્ટનરશિપ ઈન્ટરનેશનલ - HAP-Iની શરૂઆત થઈ.

કેટલીક સંસ્થાઓ દ્વારા આપત્તિ સંબંધિત કામગીરીનાં આયોજન, અમલીકરણ અને મૂલ્યાંકનમાં ગુણવત્તા અને જવાબદેહીનાં પાસાંઓને સાંકળવાની શરૂઆત કરી. આ માટે કાર્યકરોના ક્ષમતાવર્ધનની કામગીરીમાં પણ આ મુદ્દાનો સમાવેશ કરવામાં આવ્યો.

ગુણવત્તા અને જવાબદેહી સંબંધિત મુખ્ય વિચારધારાઓ તેમ જ કામગીરી માટેની માળખાંઓમાંથી કેટલાંકની વિગતો અહીં રજૂ કરવામાં આવી છે:

## (૧) સ્ફિયર પ્રોજેક્ટ

સ્ફિયર પ્રોજેક્ટના પાયામાં બે મહત્ત્વની માન્યતાઓ છે:

૧. હોનારત અને હુલ્લડોને કારણે ઉત્પન્ન થતી માનવ યાતનાને શક્ય તેટલી ઓછી કરવા માટે તમામ શક્ય પ્રયત્નો થવા જોઈએ.
૨. અસરગ્રસ્તોને સ્વમાનભેર પોતાનું જીવન જીવવાનો અધિકાર છે અને તેથી સહાય મેળવવી એ તેમનો હક છે.

સ્ફિયર પ્રોજેક્ટના કાર્યની શરૂઆત ૧૯૯૭માં કેટલીક બિન-સરકારી માનવતાવાદી સંસ્થાઓ, રેડક્રોસ અને રેડ ક્રેસેન્ટ મુવમેન્ટ જેવી સંસ્થાઓના જૂથ દ્વારા કરવામાં આવેલી. આ સંસ્થાઓએ માનવતાવાદી હક્કપત્ર (હ્યુમેનિટેરિયન ચાર્ટર) ઘડી કાઢ્યો અને આપત્તિ દરમ્યાનની સહાયની કામગીરી માટેનાં લઘુતમ ધોરણો નક્કી કર્યાં. જે કાર્યક્ષેત્રો માટે લઘુતમ ધોરણો નક્કી કરાયાં તેમાં પીવાનું પાણી અને સ્વચ્છતા, અન્ન સલામતી અને પોષણ, આવાસ અને આરોગ્યનો સમાવેશ થાય છે. લઘુતમ ધોરણોની સાથે તેના નિર્દેશકોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

પાણીના વિતરણ અને આવાસ સંબંધી ગુણવત્તા અંગે માર્ગદર્શન માટે જે ધોરણો અને નિર્દેશકો સ્ફિયર હેન્ડબૂકમાં આપવામાં આવ્યાં છે તેમાંથી ઉદાહરણ તરીકે એક ધોરણ અને તેને સંબંધિત નિર્દેશકોની વિગતો નીચે રજૂ કરી છે:

**પાણીના વિતરણ અંગેનું ધોરણ**

આપત્તિથી અસરગ્રસ્ત બધા જ લોકોને સલામત તથા પૂરતા પ્રમાણમાં પીવાનું, રાંધવાનું, વ્યક્તિગત સ્વચ્છતા અને પર્યાવરણીય સ્વચ્છતા માટે પાણી મળી રહે છે તેવી વ્યવસ્થા ગોઠવાય. પાણી વિતરણ માટેનું સ્થળ રહેઠાણથી નજીક હોવું જોઈએ કે જેથી પાણીની લઘુતમ જરૂરિયાત પૂરી કરવામાં તે સહાયરૂપ થાય.

**પાણીના વિતરણ માટેના ચાવીરૂપ નિર્દેશકો**

- પ્રતિ દિન વ્યક્તિદીઠ ૧૫ લિટર પાણી પીવા, રાંધવા અને વ્યક્તિગત સ્વચ્છતા માટે મળી રહે તેવી વ્યવસ્થા.
- રહેઠાણના સ્થળથી પાણીના વિતરણની સવલત વચ્ચેનું અંતર મહત્તમ ૫૦૦ મિટર.
- પાણી ભરવા માટે કતારમાં ઊભા રહેવાનો સમય ૩૦ મિનિટથી વધારે ન હોય.

**આવાસ માટેનું ધોરણ**

લોકોને રહેવા માટે પૂરતી જગ્યા મળે કે જેમાં હૂંફ અને તાજી હવા મળી રહે, હવામાનની અસરથી રક્ષણ મળે, એકાંત, સલામતી અને આરોગ્ય જળવાઈ રહે, પારિવારિક અને વ્યાવસાયિક પ્રવૃત્તિઓ સરળતાથી હાથ ધરી શકાય.

**આવાસ માટેના ચાવીરૂપ નિર્દેશકો**

- અસરગ્રસ્ત પ્રત્યેક વ્યક્તિ માટે ૩.૫ ચો.મી. જગ્યા મળી રહે
- આવાસ માટેની વ્યવસ્થા સામગ્રી ટેક્નિકલ ધોરણો મુજબનાં હોય તથા સાંસ્કૃતિક રીતે લોકો માટે સ્વીકાર્ય હોય.

સ્ફિયર પ્રોજેક્ટની હેન્ડબૂક સૌ પ્રથમ ૨૦૦૦માં પ્રકાશિત કરવામાં આવી હતી. ત્યાર બાદ ૨૦૦૪ અને ૨૦૧૧માં તેની સુધારેલી

આવૃત્તિઓનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

સ્ફિયર પ્રોજેક્ટ દ્વારા વિવિધ દેશોમાં આપત્તિ સમયે કરવાની કામગીરીમાં ગુણવત્તા અને જવાબદેહીનાં પાસાંઓને સાંકળવા માટેની પ્રક્રિયાને ટેકો આપવામાં આવે છે. ભારતમાં સ્ફિયર પ્રોજેક્ટ ઈન્ડિયા દ્વારા આ પ્રક્રિયાને આગળ લઈ જવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

ગુણવત્તા અને જવાબદેહી બાબતે કામ કરનારી અન્ય સંસ્થાઓ અને તેમના નેટવર્ક દ્વારા સ્ફિયર પ્રોજેક્ટ અંતર્ગત વિકસાવવામાં આવેલાં લઘુતમ ધોરણોને સ્વીકૃતિ અને માન્યતા આપવામાં આવ્યાં છે.

## (૨) હ્યુમેનિટેરિયન એકાઉન્ટેબિલિટી પાર્ટનરશિપ ઈન્ટરનેશનલ (HAP-I)

આપત્તિ વ્યવસ્થાપનની કામગીરીમાં સંકળાયેલી સંસ્થાઓ મુખ્યત્વે માનવતાવાદી અભિગમથી કામ કરે છે. આથી માનવતાવાદી મૂલ્યો અને સિદ્ધાંતો પ્રત્યેની પ્રતિબદ્ધતા પાયારૂપ છે. હેપ ઈન્ટરનેશનલ દ્વારા જવાબદેહી સંબંધી સિદ્ધાંતો રજૂ કરવામાં આવ્યા છેઃ

૧. **માનવતાવાદી ધોરણો અને અધિકારો પ્રત્યેની પ્રતિબદ્ધતાઃ** આપત્તિથી અસરગ્રસ્ત લોકો માટે કામ કરનારી સંસ્થાઓ માનવતાવાદી ધોરણો અને માનવ અધિકારોને પાયાની બાબત તરીકે સ્વીકારે તે અપેક્ષિત છે.

૨. **ધોરણ નક્કી કરવાં અને ક્ષમતા વધારવીઃ** હિતધારકો (લાભાર્થીઓ સહિત) પ્રત્યેની જવાબદેહી વિશેનું ફ્રેમવર્ક વિકસાવવું, કામગીરીના માપદંડો નક્કી કરી સમયાંતરે સમીક્ષા, ધોરણના ઉપયોગ, અમલીકરણ માટે તાલીમ.

૩. **પ્રત્યાયનઃ** હિતધારકો (ખાસ કરીને લાભાર્થી અને કાર્યકરો)ને કામગીરીનાં ધોરણો, કાર્યક્રમ (પ્રવૃત્તિઓ) તથા સંઘર્ષ નિવારણ માટેની વ્યવસ્થા અંગે જાણકારી આપવામાં આવે.

૪. **કાર્યક્રમમાં સહભાગિતાઃ** અસરગ્રસ્ત સમુદાય (કે તેના પ્રતિનિધિઓ) આયોજન, અમલીકરણ દેખરેખ અને મૂલ્યાંકનની કામગીરીમાં સહભાગી બને તેવી વ્યવસ્થા ગોઠવવી, કામગીરી અંગે અહેવાલ રજૂ કરવામાં આવે. કામગીરીમાં ગંભીરરૂપે બાધક પરિસ્થિતિ સંજોગોને બાદ કરતાં આ બાબતોનો અમલ કરાય તે અપેક્ષિત છે.

૫. **ધોરણોના પાલન સંબંધી દેખરેખ અને અહેવાલઃ** ધોરણો અને પ્રક્રિયાઓ સંબંધી દેખરેખ દરમિયાન લાભાર્થીઓ અને કાર્યકર્તાઓ (સ્ટાફ)નો સમાવેશ, સમયાતંરે કામગીરીનાં ધોરણો સંબંધી દેખરેખ, ધોરણો પ્રત્યેની પ્રતિબદ્ધતા અંગે કમ-સે-કમ વાર્ષિક અહેવાલ (લેખિત, મૌખિક કે અન્ય સ્વરૂપે હોઈ શકે).

૬. **ફરિયાદોનો નિકાલઃ** લાભાર્થીઓ અને કાર્યકરોને ફરિયાદ સંબંધી રજૂઆત કરવા પ્રોત્સાહન આપવું અને ફરિયાદના નિકાલની વ્યવસ્થા કરવી.

૭. **અમલીકરણ કરનારી સંસ્થાઓઃ** કાર્યક્રમના અમલીકરણ માટે અન્ય સંસ્થાઓ દ્વારા કામગીરી હાથ ધરવાની હોય તે સંજોગોમાં અમલીકરણ કરનારી સંસ્થાઓ ઉપરોક્ત સિદ્ધાંતો માટે પ્રતિબદ્ધ હોય તે અપેક્ષિત છે.

HAP દ્વારા માનવતાવાદી સિદ્ધાંતો પ્રત્યેની જવાબદેહી સાકાર કરવાના પ્રયત્નરૂપે તેનાં ચાવીરૂપ પાસાંઓ અને કામગીરીનું માળખું વિકસાવવામાં આવ્યાં છે કે જેની વિગતો ટૂંકમાં અહીં આપી છેઃ

### (અ) ચાવીરૂપ પાસાંઓ (key elements)

**૧. સંદર્ભને ધ્યાનમાં રાખવો**

આપત્તિ પ્રતિભાવની કામગીરીમાં સંકળાયેલી સંસ્થાઓ અને તેના કાર્યકરો માટે સ્થાનિક સંદર્ભને સમજવો ખૂબ જ આવશ્યક બને છે. આ સંદર્ભમાં જે બાબતો પ્રત્યે ધ્યાન રાખવું જરૂરી છે તે નીચે મુજબ છેઃ

- વિવિધ હિતધારકોની જવાબદારી અને ક્ષમતા મુજબ તેમનો સહકાર મેળવવો, તેમની સાથે સંકલન કરવું.
- સ્થાનિક રાજકીય કે લશ્કરી શાસન દ્વારા માનવતાવાદી સિદ્ધાંતોનું હનન થતું હોય તેવું બને.
- કામગીરી માટે જરૂરી નાણાંની અછત વર્તાય. અમુક કામ કે પ્રવૃત્તિ માટે જરૂર કરતાં વધારે નાણાકીય સહાય મળે અને અન્ય કામગીરી માટે સહાય મળવામાં વિલંબ થાય.
- જે સંસ્થા કાર્યરત છે તેના ધ્યેય અને ઉદ્દેશોને સમજવા જરૂરી બને છે. સંસ્થા તેના કાર્યકરો અને સ્વયંસેવકો પ્રત્યે કેટલી જવાબદાર છે તે પણ મહત્ત્વનું બને છે.

**૨. સૈદ્ધાંતિક અભિગમ પ્રત્યે પ્રતિબદ્ધતા**

માનવતાવાદી કામગીરીમાં સૈદ્ધાંતિક અભિગમ તરફની પ્રતિબદ્ધતા પાયાની વાત છે. આ માટે વિવિધ સ્તરે કરવાની કામગીરી, સૌની જવાબદારી અને કાર્યક્ષેત્ર વિશેની સ્પષ્ટતા હોવી જરૂરી છે.

માનવતાવાદી જવાબદેહી માત્ર નાણાકીય વ્યવહારો અને અહેવાલ લેખન પૂરતી સીમિત રહેતી નથી. જવાબદેહી જે તે પરિસ્થિતિમાં સહુથી નિર્બળ છે તેના પ્રત્યેની પ્રતિબદ્ધતાની અપેક્ષા રાખે છે. વળી, માનવતાવાદી કાર્ય સંબંધિત સિદ્ધાંતો અને પ્રક્રિયાઓ વિશેનાં સમજ અને પ્રતિબદ્ધતા અનિવાર્ય બનાવે છે. જે તે પરિસ્થિતિમાં સત્તા સંબંધી પરિમાણોની સમજ જરૂરી બને છે.

**૩. કામગીરી દરમિયાન ધ્યાનમાં રાખવાની બાબતો**

જવાબદેહીને સાકાર કરવા માટે સંસ્થાકીય અને કાર્યક્ષેત્રના માળખામાં નીચેની બાબતોનો સમાવેશ કરવો જરૂરી બને છેઃ

- સંસ્થાકીય માળખામાં કોઈ નવાં પાસાંનો સમાવેશ કરવા માટે નીતિના ઘડવૈયાઓની સંમતિ જરૂરી બને છે. તે ઉપરાંત સંસ્થાના બધા કાર્યકરોને જાણકારી આપવી અને તેમની જવાબદેહી ઊભી કરવા તાલીમ આપવી જરૂરી બને છે.
- જવાબદેહીને સંસ્થાકીય માળખામાં સમાવિષ્ટ કરવા અંગેના અનુભવોનો આધાર લઈ શ્રેષ્ઠ ઉદાહરણો, માર્ગદર્શિકા વગેરે તૈયાર કરી તેનો બહોળો પ્રચાર-પ્રસાર કરવો. સંસ્થાકીય સ્તરે આ કામને આગળ ધપાવવા અમુક કાર્યકરને જવાબદારી સોંપાવી જોઈએ.

માનવતાવાદી સિદ્ધાંતો પ્રત્યેની પ્રતિબદ્ધતા અને જવાબદેહીના મુદ્દાને આપત્તિ વ્યવસ્થાપનના કાર્યમાં જોડવા માટેના પ્રયત્નોના અનુભવ દરમ્યાન એ બાબતની ચર્ચા જરૂર થાય છે કે સ્વયંશિસ્ત એટલે કે - સ્વનિયમનકારી તંત્ર પૂરતાં છે કે પછી બહારની સંસ્થાને દેખરેખ માટેની જવાબદારી સોંપવી જરૂરી બને છે. એ બંને બાબતોને વૈકલ્પિક માનવાને બદલે તેના સંયોજનવાળી વ્યવસ્થા કરવી હિતાવહ ગણાશે.

**(બ) કામગીરી માટેનું માળખું (Operational Framework)**

પ્રસ્તુત માળખાંનાં વિવિધ અંગોને પાંચ વિભાગોમાં વિભાજિત કરાયાં છેઃ

૧. કોણ જવાબદેહ છે?
- માનવતાવાદી કાર્યક્ષેત્રના કાર્યકરો જેમને કામગીરીની જવાબદારી સોંપવામાં આવી હોય.

૨. કોના પ્રત્યે જવાબદેહી?
- અસરગ્રસ્ત વ્યક્તિઓ અને સમુદાય.
- અન્ય હિતધારકો.

૩. શા માટે?
- ધોરણો અને માનકો સંબંધી પ્રતિબદ્ધતાનું પાલન કરવું.

૪. કેવી રીતે?
- દેખરેખઃ નિરીક્ષણ, સમીક્ષા, મૂલ્યાંકન.
- પ્રતિભાવ.
- જાણકારી આપવી, માહિતીનો પ્રસાર, અહેવાલ લેખન.
- અસરગ્રસ્તોની સહાય કરવી તે જેમની જવાબદારી છે તેમની ઓળખ.
- સ્વનિયમન અને સ્વતંત્ર વ્યવસ્થા.

૫. ઈચ્છિત પરિણામ (outcome)
- કામગીરી અને કાર્યક્રમમાં બદલાવ.

## (૩) એક્ટિવ લર્નિંગ નેટવર્ક ફોર એકાઉન્ટેબિલિટી એન્ડ પર્ફોર્મન્સ (ALNAP)

**વિઝન**

એવા વિશ્વની કલ્પના કે જ્યાં અસરગ્રસ્તોનું ગૌરવ જળવાય અને તેમની જરૂરિયાત મુજબ ગણવત્તાસભર સહાય પહોંચાડવાના પ્રયત્નો થાય.

**મિશન**

માનવતાવાદી કાર્યક્ષેત્રની કામગીરીમાં ઉત્કૃષ્ટતા લાવવાના હેતુથી શીખવાની પ્રક્રિયાને વેગ આપવાના પ્રયાસો કરવા. મૂલ્યાંકનની પ્રક્રિયાને વધારે અસરકારક બનાવી તેને શીખવાની પ્રક્રિયા સાથે જોડવાના પ્રયત્નો કરવામાં આવશે.

માનવતાવાદી કાર્યના ક્ષેત્રમાં પરિવર્તન અને સુધારા માટેની અગ્રેસર ભૂમિકા ભજવવાની કામગીરી ALNAP બજાવશે.

ALNAP દ્વારા પોતાની કામગીરીના હેતુઓ નક્કી કરવામાં આવ્યા છે. તે ટૂંકમાં નીચે મુજબ છેઃ

૧. શીખવાની પ્રક્રિયા અને નીતિવિષયક તથા ક્ષેત્રીય કામગીરીમાં સુધારાની પ્રક્રિયા વચ્ચે સેતુ,

૨. માનવતાવાદી કાર્યક્ષેત્રની કામગીરીમાં સુધારાની હિમાયત,
૩. શીખવાની પ્રક્રિયામાં સાતત્ય અને અનુભવોના આદાન-પ્રદાન માટે તખ્તો/વ્યવસ્થા,
૪. મૂલ્યાંકનની ગુણવત્તા સુધરે તથા મૂલ્યાંકનના અનુભવોનો સભ્ય સંસ્થાઓ ઉપયોગ કરે તે માટેના પ્રયાસો,
૫. માનવતાવાદી કાર્યક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે શીખવાની પ્રક્રિયાને પ્રોત્સાહન/વેગ મળે તે માટેના પ્રયાસો.

ALNAP તરફથી પોતાની કામગીરી માટેની રણનીતિ નક્કી કરવામાં આવી છે. તે ALNAP Strategy 2008-2013 તરીકે લખાણ સ્વરૂપે ઉપલબ્ધ છે.

ALNAP નેટવર્ક તરીકે કામગીરી કરે છે. તેના સભ્યોને વિવિધ રીતે સહાયરૂપ થાય છે. જેમ કે, અનુભવોનું દસ્તાવેજીકરણ કરીને બીજા સભ્યો સુધી પહોંચાડવા, આપત્તિ પ્રતિભાવોના મૂલ્યાંકનમાંથી શીખવા જેવી બાબતો અલગ તારવી બધાના ધ્યાન પર લાવવી, આપત્તિની પરિસ્થિતિઓ સંબંધી વિશ્લેષણના આધારે કામગીરીમાં ટેકો આપનારી સંસ્થાઓને જરૂરિયાતો વિશે માહિતગાર કરવા વગેરે.

નેટવર્કની દરેક સભ્ય સંસ્થા આપત્તિની પરિસ્થિતિમાં કામ કરતી વખતે ગુણવત્તા અને જવાબદેહી બાબતે સજાગ બને, અનુભવોમાંથી શીખવાની પ્રક્રિયાને જીવંત રાખે, અન્ય સંસ્થાઓ સાથે પોતાના અનુભવોની આપ-લે કરે, તેનાથી સમગ્ર કાર્યક્ષેત્રમાં સુધારાની પ્રક્રિયાના અમલીકરણની અસરકારકતા વધારી શકાય.

### (૪) એક્ટ એલાયન્સ (Act Alliance)

સભ્ય સંસ્થાઓમાં ગુણવત્તા અને જવાબદેહીની સંસ્કૃતિનું નિર્માણ કરવાના આશયથી એક્ટ એલાયન્સની શરૂઆત થઈ. ૧૨૫ કરતાં વધારે ચર્ચ અને તેની સંલગ્ન સંસ્થાઓ ૧૪૦ દેશોમાં કાર્યરત છે, તે એક્ટ એલાયન્સની સભ્ય છે.

દરેક સભ્ય સંસ્થા પોતાની શાસન વ્યવસ્થામાં એક્ટ એલાયન્સના સભ્ય તરીકે નિયત બાબતોનો સમાવેશ કરે તે અપેક્ષિત છે. આ રીતે વૈશ્વિક સ્તરે ગુણવત્તા અને જવાબદેહી પ્રત્યેની પ્રતિબદ્ધતા ધરાવતા સંસ્થા-સમૂહની રચના થાય તેવી આશા છે.

એક્ટ એલાયન્સ સભ્યોમાં વિવિધ હિતજૂથો સંકળાયેલાં છેઃ સભ્યો, તેની સહભાગી સંસ્થાઓ તથા જનસમુદાય જેમના માટે વિવિધ સંસ્થાઓ કાર્યરત છે.

સૌ મનુષ્યો ગૌરવ, ન્યાય, શાંતિ, માનવ અધિકાર અને પર્યાવરણ પ્રત્યે આદરની ભાવના સાથે જીવન વિતાવી શકે તેવા જનસમુદાયની રચના તે એક્ટ એલાયન્સનું સ્વપ્ન છે. તેના સભ્યો સહિયારા પ્રયાસોથી ગરીબી અને અન્યાયથી પીડિત પ્રજામાં વિધાયક તથા ટકાઉ પરિવર્તન લાવવાના હેતુથી માનવીય વિકાસ સંબંધિત અને હિમાયતની કામગીરી હાથ ધરે તેવી રણનીતિ ઘડવામાં આવી છે.

**એક્ટ એલાયન્સઃ વહીવટી માળખું**

બધા જ સભ્યો મળીને સામાન્ય સભા ૨૩ સભ્યોનું તથા કારોબારી સમિતિ (૭ સભ્યો સંચાલક મંડળમાંથી તથા ૬ અન્ય સભ્યો) સંસ્થાનું સચિવાલય જિનિવામાં છે.

એક્ટ એલાયન્સનો સ્થાપક દસ્તાવેજ (૨૦૦૯) હાર્દરૂપ છે, તેમાં વિઝન, મિશન, હેતુઓ અને સભ્ય પાસેની અપેક્ષાએ ગ્રંથસ્થ છે. પ્રત્યેક સભ્યને લાગુ પડતી તથા સભ્યોએ જે બાબતમાં પોતાની પ્રતિબદ્ધતા દર્શાવવાની છે, તેમાં નીચેની બાબતો સમાવિષ્ટ છેઃ

- સભ્ય પદનો કરાર.
- આચરસંહિતા.
- જાતીય સતામણી અને સત્તાનો દુરુપયોગ, ભ્રષ્ટાચાર, સંબંધી આચરસંહિતા.
- કટોકટીની પરિસ્થિતિમાં કામગીરી માટેની નીતિ, માર્ગદર્શિકા અને સાધનો.
- રાષ્ટ્રીય અને પ્રાદેશિક મંચની નીતિ અને માર્ગદર્શિકા.
- હિમાયત અંગેની નીતિ.
- કો-બ્રાન્ડિંગ સંબંધી નીતિ.
- ભ્રષ્ટાચાર અને ગોટાળા વિરોધી નીતિ.
- ફરિયાદ નિવારણ અંગેની નીતિ.
- સભ્યપદ અને શિસ્ત અંગેની નીતિ.

ઉપરોક્ત બાબતો ઉપરાંત પાંચ આંતરરાષ્ટ્રીય ધોરણોની સ્વીકૃતિ અને તેના પ્રત્યેની પ્રતિબદ્ધતા એક્ટ એલાયન્સમાં પાયારૂપ છે.

પાંચ આંતરરાષ્ટ્રીય ધોરણોમાં નીચેની બાબતો સમાવિષ્ટ છેઃ
- ઈન્ટરનેશનલ રેડક્રોસ અને રેડ ક્રેસેન્ટ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ માટેની આચરસંહિતા.
- ભાગદારીના સિદ્ધાંતો.
- હ્યુમેનિટેરિયન એકાઉન્ટેબિલિટી પાર્ટનરશિપ (HAP)ના જવાબદેહી

(accountability) અંગેનાં ધોરણો.
- એચ.આઈવી-એઈડ્સ વિશે કામ કરનારી સ્વૈચ્છિક સંસ્થાઓ માટેની આંચારસંહિતા (કોડ ઓફ ગૂડ પ્રેક્ટિસ).

કાર્યક્ષેત્ર અને બધાં જ ક્ષેત્રોને લાગુ પડે તેવી બાબતો અંગે નીતિ સંબંધી માર્ગદર્શન પૂરું પાડવા ઘણા દસ્તાવેજો ઘડવામાં આવ્યા છે. તેમાં ક્ષમતાવૃદ્ધિ, મોસમ પરિવર્તન, વિકાસ આયોજન-અમલીકરણ-મૂલ્યાંકન, અન્ન સુરક્ષા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

## (૫) પીપલ ઈન એઈડ

આપત્તિથી પ્રભાવિત જનસમુદાય અને ગરીબી નિવારણ સંબંધી હિમાયતનું કામ કરનારી સંસ્થાઓ પીપલ ઈન એઈડના સભ્યો બને છે.

પીપલ ઈન એઈડ જરૂરતમંદ લોકો સુધી સહાય પહોંચાડનારી અને વિકાસ સંબંધી કામગીરીમાં સંકળાયેલી સંસ્થાઓનું આંતરરાષ્ટ્રીય નેટવર્ક છે. પીપલ ઈન એઈડ માનવ સંસાધનોના સંચાલનમાં સુધાર લાવવા માટે પ્રયત્નશીલ છે. કોડ ઓફ ગુડ પ્રેક્ટિસ જેવાં સાધનો દ્વારા સભ્ય સંસ્થાઓને સહાય કરવામાં આવે છે.

ગરીબી નિવારણ, આપત્તિ સહાય, પ્રતિભાવ અને વિકાસનાં કાર્યો કરવા માટે સહાય આપનારી સંસ્થાઓની કામગીરીમાં કાર્યકરો ખૂબ જ અગત્યનું પરિબળ છે.

અસરગ્રસ્ત લોકોને સહાયક થવાની ચિંતામાં ક્યારેક સંસ્થાના કાર્યકરો પ્રત્યે ઓછું ધ્યાન અપાય તેવું બને. જો આવું થાય તો લાંબા ગાળે કામગીરીની ગુણવત્તા પર તેની સીધી અસર પડે. આ બાબતને ધ્યાનમાં લઈ માનવ સંસાધનો વિશેની ચિંતાનો મુદ્દો પ્રાથમિકતા બને તથા તેના વિશે સંસ્થાઓ સજાગ બનીને પ્રવૃત્તિશીલ થાય તે માટેના પ્રયાસો પીપલ ઈન એઈડ દ્વારા હાથ ધરવામાં આવે છે.

આપત્તિ સહાય અને વિકાસની કામગીરીમાં સંકળાયેલી સંસ્થાઓ ગરીબ, સ્થળાંતરિત, સંઘર્ષ પ્રભાવિત, નિઃસહાય અને વંચિતો કે જેઓ પોતાના ભવિષ્ય માટે ચિંતિત હોય તેવા જનસમુદાય માટે કામ કરતી હોય છે. ૧૯૯૪માં કેટલીક સંસ્થાઓને લાગ્યું કે કદાચ તેમના કાર્યકરો પણ "જેમના માટે કામ સંસ્થા કાર્યરત છે" તેમાં સમાવિષ્ટ થઈ શકે! 'સુધારાને અવકાશ' દસ્તાવેજોમાં જણાવ્યા મુજબ સર્વેક્ષણનાં તારણો મુજબ કાર્યકરોના સંચાલનમાં ઘણી ત્રુટિઓ જોવા મળી અને તેમને જરૂરી ટેકાનો અભાવ જણાયો. આ બાબતે સુધારા લાવવાના હેતુથી 'પીપલ ઈન એઈડ કોડ ઓફ બેસ્ટ પ્રેક્ટિસ ઈન ધી મેનેજમેન્ટ એન્ડ સપોર્ટ ઓફ એઈડ પરસોનેલ' નામનો દસ્તાવેજ તૈયાર કરવામાં આવ્યો છે.

આ દસ્તાવેજમાં સાત માર્ગદર્શક સિદ્ધાંતો રજૂ કરવામાં આવ્યા છેઃ

**૧. માનવ સંસાધનો સંબંધિત નીતિ**
કાર્યકરો વ્યૂહાત્મક અને કાર્યક્રમના આયોજનમાં સંલગ્ન હોય. માનવ સંસાધન સંબંધી વ્યૂહરચના સંસ્થાકીય વ્યૂહરચનાના કેન્દ્રસ્થાને હોય. દરેક સભ્ય સંસ્થા પોતાના કાર્યકરો સંબંધી નીતિ બનાવે અને તેના અમલીકરણની વ્યવસ્થા ગોઠવાય તે અપેક્ષિત છે.

**૨. કર્મચારી નીતિ અને કાર્યપ્રણાલી**
માનવ સંસાધનો અંગેની નીતિ અસરકારક અને પારદર્શી હોય. સંસ્થાના કાર્યકરો માટે ગુણવત્તાસભર કામ કરવાનું વાતાવરણ ઊભું થાય તે માટેની નીતિ સંસ્થાઓએ નક્કી કરવી જોઈએ.

**૩. માનવ સંસાધનોનું સંચાલન**
સંચાલનની જવાબદારી સંભાળનારા કાર્યકરોને જરૂરી ટેકો અને તાલીમ મળતાં રહે કે જેથી તેઓ પોતાની ભૂમિકા અસરકારક રીતે બજાવી શકે. અન્ય કાર્યકરો પાસે કામ કરાવવાની જેમની જવાબદારી છે તેવા કાર્યકરોની નેતૃત્વની ભૂમિકા અસરકારક પરિણામો લાવવામાં નિર્ણાયક પરિબળ છે.

**૪. સંવાદ અને પ્રોત્સાહન**
સંસ્થાની કામગીરીમાં સંકળાયેલા સર્વે પગારદાર કે સ્વયંસેવક કાર્યકરો સાથે સંવાદ થતો રહે અને તેમને જરૂરી માહિતી મળતી રહે તે અગત્યની બાબત છે. કાર્યકરો સંબંધિત નીતિ, કાર્યપદ્ધતિ નક્કી કરતી વખતે તેમની સાથે ચર્ચા થાય, તેમનો અભિપ્રાય લેવાય તે જરૂરી છે.

**૫. ભરતી અને પસંદગી**
સંસ્થામાં કાર્યકરોની ભરતી અને પસંદગી અંગેની નીતિ તથા પ્રક્રિયા એ બાબતનું સૂચક છે કે તેમની સાથે કેવો વ્યવહાર થશે. કાર્યકરો સંસ્થાની જરૂરિયાતો સંતોષવામાં કેટલા અસરકારક નીવડશે તેનો ઘણો આધાર ભરતી અને પસંદગી પર છે.

**૬. શીખવું, તાલીમ અને વિકાસ**

કાર્યકરો સતત શીખતા રહે તે માટે અનુભવોનું આદાન-પ્રદાન, તાલીમ અને વિકાસ માટેનું વાતાવરણ સંસ્થામાં દરેક સ્તરે ઊભું થાય તેવા પ્રયાસોને મહત્ત્વ આપવું જરૂરી છે. કાર્યકરો વ્યક્તિગત અને વ્યાવસાયિક રીતે વિકસતા રહે તે લાંબા ગાળે સંસ્થાના વિકાસ માટે પાયારૂપ બની રહેશે.

**૭. આરોગ્ય અને સલામતી**

કાર્યકરોનું આરોગ્ય અને તેમની સલામતી એ સંસ્થાની જવાબદારી છે. આપત્તિ સહાય અને વિકાસની કામગીરી જટિલ અને ક્યારેક અસલામત પરિસ્થિતિમાં કરવાની થાય છે. કાર્યકરોનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટેના પ્રયાસો હાથ ધરવા જોઈએ. કાર્યકરોની સાથે તેમના કુટુંબીજનોના સ્વાસ્થ્ય અને સલામતીની વાતને પણ આવરી લેવાય તે જરૂરી છે.

પીપલ ઈન એઈડનો કેન્દ્રવર્તી વિચાર કાર્યકરો છે. સંસ્થાઓની કામગીરીને લાંબા ગાળે અસરકારક બનાવવા માટે માનવ સંસાધન એટલે કે કાર્યકરોની ગુણવત્તાના મુદ્દાને ધ્યાનમાં લઈ, તે સંબંધી સભ્ય સંસ્થાઓ યોગ્ય નીતિ બનાવે, કાર્યકરોના વિકાસ, આરોગ્ય અને સલામતીની પૂરતી તકેદારી રાખે તે માટે પીપલ ઈન એઈડ કાર્યરત છે. લાંબા ગાળે આ બાબતો આપત્તિ વ્યવસ્થાપન અને વિકાસના ક્ષેત્રમાં ગુણવત્તા અને જવાબદેહીનાં પાસાંઓને સબળ કરવામાં ઉપયોગી પુરવાર થશે.

## ઉપસંહાર

આપત્તિ વ્યવસ્થાપનના કામની અસરકારકતા વધારવાના પ્રયાસોમાં સાતત્ય જળવાઈ રહે તે જરૂરી છે કારણ કે સંદર્ભ અને પરિસ્થિતિ બદલાતાં રહેશે. નવાં પડકારો અને મુશ્કેલીઓ આવતાં જ રહેશે.

પ્રસ્તુત લેખમાં આપેલી જાણકારીને આધારે આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં કામ કરતી સંસ્થાઓ અને કાર્યકરોએ ગુણવત્તા અને જવાબદેહી સંબંધી પાસાંઓ વિશે વિચાર કરવાની શરૂઆત કરવી જરૂરી છે. પોતાની સંસ્થાનાં શાસન, વહીવટી વ્યવસ્થા અને કાર્યક્રમોમાં કઈ બાબતોમાં ગુણવત્તા અને જવાબદેહીનાં પાસાંઓને સાંકળીને સુધારા કરવાની જરૂર છે તેની ચર્ચા શરૂ કરીને, મુદ્દાઓની ઓળખ કરીને, પરિવર્તન માટેનાં પગલાંઓ નક્કી કરવાં પડશે. કાર્યકરોની સમજ અને આવડત વિકસાવવાની સાથે તેમની સલામતી અને કલ્યાણ માટેની વ્યવસ્થા પણ ગોઠવવી જરૂરી છે.

ગુણવત્તા અને જવાબદેહી અંગે બદલાવ લાવવાની જવાબદારી સહિયારી છે. આથી આપત્તિ વ્યવસ્થાપનમાં કાર્યરત બધી સંસ્થાઓ અને કાર્યકરો એકબીજા સાથે જોડાયેલાં રહે, સહચિંતન કરે અને એકબીજાને બદલાવની પ્રક્રિયામાં પૂરક બને તો જ સમગ્ર કાર્યક્ષેત્રમાં સુધારો આવી શકે.

ગુણવત્તા અને જવાબદેહીનાં માળખાંનો ઉપયોગ કામગીરીના દરેક તબક્કે કરી શકાય. પરિયોજનાની દરખાસ્ત તૈયાર કરવામાં, કાર્યક્રમના અમલીકરણ, દેખરેખ તથા મૂલ્યાંકનના તબક્કે ઉપયોગ કરી શકાય.

આંતરરાષ્ટ્રીય સ્તરે આપત્તિ વ્યવસ્થાપનનાં કામોને ટેકો આપનારી સંસ્થાઓ વિવિધ પ્રયાસો, નેટવર્કની સભ્ય છે. આથી તેમના તરફથી પણ ગુણવત્તા અને જવાબદેહીનાં માળખાંને જે તે સંસ્થા કેવી રીતે સાંકળે છે તે મહત્ત્વનું બને છે. આથી માત્ર વૈચારિક સ્તરે સમજવાથી કામ પૂરું થતું નથી. તેને સાકાર કરવા માટે સંસ્થાકીય પ્રયાસો નક્કર પરિણામ લાવવામાં ઉપયોગી બની રહેશે.

**સંદર્ભઃ**


૧. સ્ટ્રેન્ધનિંગ હ્યુમેનિટેરિયન નેટવર્ક્સઃ એપ્લાઈંગ ધ નેટવર્ક ફંકશન્સ એપ્રોચ, ઓવરસીઝ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ, ૨૦૦૮.
૨. ધ સ્ટેટ ઓફ ધ હ્યુમેનિટેરિયન સીસ્ટમ, ૨૦૧૨, અલનાપ.
૩. અલનાપ સ્ટ્રેટેજી, ૨૦૦૮-૧૩.
૪. હ્યુમેનિટેરિયન એકાઉન્ટેબિલિટીઃ કી એલિમેન્ટ્સ એન્ડ ઓપરેશનલ ફ્રેમવર્ક, હ્યુમેનિટેરિયન એકાઉન્ટેબિલિટી પ્રોજેક્ટ, ૨૦૦૧.
૫. હ્યુમેનિટેરિયન એકાઉન્ટેબિલિટી પાર્ટનરશિપ-ઈન્ટરનેશનલ, મેકિંગ હ્યુમેનિટેરિયન એક્શન એકાઉન્ટેબલ ટુ બેનિફિશિયરીઝ, પ્રિન્સિપલ્સ ઓફ એકાઉન્ટેબિલિટી, જાન્યુઆરી-૨૦૦૭.
૬. ડિઝાસ્ટર મેનેજમેન્ટ એથિક્સ, યુએનડીપી, ડી.એચ.એ., ૧૯૯૭.
૭. ફોસ્ટરિંગ એકાઉન્ટેબિલિટી એન્ડ ક્વોલિટી અમન્ગ હ્યુમેનિટેરિયન એઈડ એજન્સીઝ થ્રુ અ પ્રોસેસ ઓફ એક્રેડિટેશનઃ હિસ્ટરી, ઓવરવ્યુ ઓફ કરન્ટ ઓપ્શન્સ એન્ડ પોટેન્શિયલ કન્ટ્રિબ્યુશન ફ્રોમ સ્ફિયર.
૮. સ્ફિયર હેન્ડબૂક, ૨૦૦૪, ૨૦૧૧.
૯. http://www.alnap.org
૧૦. http://www.hapinternational.org
૧૧. http://www.sphereproject.org
૧૨. http://www.peopleinaid.org
૧૩. http://www.actalliance.org

## જિલ્લા કટોકટી કામગીરી કેન્દ્ર

આ કેન્દ્ર કમાન્ડ, કંટ્રોલ અને કોમ્યુનિકેશનના સિદ્ધાંતો અનુસાર કામ કરે છે કે જેથી કટોકટીની પરિસ્થિતિમાં અસરકારક રીતે પ્રતિભાવ આપી શકાય. કેન્દ્રો સમુદાયને ઓછામાં ઓછી મુસીબત સહન કરવી પડે અને પુનર્વસનની પ્રક્રિયા વધારે ગુણવત્તાયુક્ત બને તે માટે કામગીરી કરવા વધારે કાર્યક્ષમ છે. આ કેન્દ્રો સ્થાનિક સ્તરના સ્વયંસેવકોને તથા કાર્યકરોને અસરકારક રીતે કામગીરી કરવામાં ટેકો આપવા કાર્યક્ષમ છે.

### જિલ્લા કટોકટી કામગીરી કેન્દ્ર ખાતેના જિલ્લા સ્તરના પરિયોજના અધિકારીઓ (જીએસડીએમએ)ની યાદી

| ક્રમ | નામ | ફરજનું સ્થળ | પદ | સંપર્ક (મોબાઈલ ફોન) |
|---|---|---|---|---|
| ૧ | પ્રશાંત મકવાણા | અમદાવાદ | ડીપીઓ | ૯૮૨૫૪૯૮૩૧૫ |
| ૨ | માધવ એ. હાથી | અમદાવાદ શહેર | પ્રોજેક્ટ ઓફિસર | ૯૦૯૯૨૯૮૫૩૨ |
| ૩ | ઋતુ ત્રિવેદી | અમરેલી | ડીપીઓ | ૯૪૨૬૯૬૯૨૩૬ |
| ૪ | દર્શના પઘાદાર | આણંદ | ડીપીઓ | ૯૯૭૪૭૭૨૩૪૩ |
| ૫ | નિર્મલ બી. શર્મા | બનાસકાંઠા | ડીપીઓ | ૮૪૬૦૨૫૭૦૨૨ |
| ૬ | ભાવેશ ગોહિલ | ભરૂચ | ડીપીઓ | ૯૮૨૪૪૬૮૧૧૦ |
| ૭ | ડિમ્પલ તેરૈયા | ભાવનગર | ડીપીઓ | ૯૮૨૪૪૩૮૨૭૫ |
| ૮ | પ્રવિણસિંહ રાઠોડ | દાહોદ | ડીપીઓ | ૯૯૦૪૩૮૮૭૫૦ |
| ૯ | ભૂમિત પરમાર | ડાંગ | ડીપીઓ | ૮૮૬૬૮૧૧૩૮૨ |
| ૧૦ | વર્ષા પટેલ | ગાંધીનગર | ડીપીઓ | ૯૮૨૪૫૦૨૭૧૮ |
| ૧૧ | યશવંત પરમાર | જામનગર | ડીપીઓ | ૯૪૨૬૯૫૦૭૮૩ |
| ૧૨ | યકિન શિવાની | જૂનાગઢ | ડીપીઓ | ૯૪૨૭૪૩૩૯૭૯ |
| ૧૩ | સુરુચિ આકોલકર | ખેડા | ડીપીઓ | ૯૯૭૪૦૩૬૯૧૯ |
| ૧૪ | ચેતનાબા રાજપૂત | કચ્છ | ડીપીઓ | ૯૯૦૯૦૬૯૬૦૬ |
| ૧૫ | અંજેલા આર. ગામડિયા | મહેસાણા | ડીપીઓ | ૯૮૯૮૨૮૩૮૧૭ |
| ૧૬ | મિકી ગાંધી | નર્મદા | ડીપીઓ | ૯૯૨૪૨૧૨૦૩૩ |
| ૧૭ | રાકેશ પી. સોલંકી | પંચમહાલ | ડીપીઓ | ૯૭૨૪૭૩૪૨૦૯ |
| ૧૮ | કમલેશ પટેલ | પાટણ | ડીપીઓ | ૯૪૨૬૫૩૩૯૧૫ |
| ૧૯ | હરેશ ડોડિયા | પોરબંદર | ડીપીઓ | ૯૮૨૫૬૬૪૨૫૪ |
| ૨૦ | સુનિલ પી. તિવારી | રાજકોટ | ડીપીઓ | ૯૪૨૬૧૭૧૯૨૦ |
| ૨૧ | કનૈયાલાલ પટેલ | સાબરકાંઠા | ડીપીઓ | ૯૪૨૬૩૪૧૭૮૫ |
| ૨૨ | પ્રશાંત મકવાણા | સુરેન્દ્રનગર (આઈ/સી) | ડીપીઓ | ૯૮૨૫૪૯૮૩૧૫ |
| ૨૩ | અક્ષય બારોટ | સુરત | ડીપીઓ | ૯૯૦૯૨૦૮૭૦૫ |
| ૨૪ | ભૂપેન્દ્ર ચૌધરી | તાપી | ડીપીઓ | ૯૭૨૬૭૩૩૪૩૧ |
| ૨૫ | હિરેન ઠાકર | વડોદરા | ડીપીઓ | ૯૪૨૬૭૬૦૭૭૧ |
| ૨૬ | ચિરાગ એચ. સોની | વલસાડ | ડીપીઓ | ૯૭૨૪૧૧૬૭૭૬ |

**હેલ્પલાઈન – ટોલ ફ્રી ઈમર્જન્સી નંબરઃ ૧૦૭૭**

**મંતવ્ય**

# ગરીબોને રોકડ રકમ આપવાની યોજના

ભારત સરકારે તાજેતરમાં ગરીબોને રોકડ રકમ આપવા માટેની યોજનાનો અમલ શરૂ કર્યો છે. આઝાદીના સમયથી ગરીબી અને બેકારી દૂર કરવા માટે તથા શિક્ષણ અને આરોગ્ય જેવી પાયાની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે સરકાર ગરીબ પરિવારોને સક્ષમ બનાવવા વિવિધ પ્રકારની યોજનાઓનો અમલ કરે છે. તેમાં તે કરોડો રૂપિયા સબસિડી પાછળ ખર્ચે છે. આ ખર્ચ ગરીબો સુધી યોગ્ય રીતે નહિ પહોંચતો હોવાની વ્યાપક ફરિયાદો થતી રહી છે. તેના વિકલ્પ સ્વરૂપે ભારત સરકારે ગરીબોને રોકડ રકમ આપવાની યોજનાની શરૂઆત કરી છે. આ યોજના સફળ થશે કે કેમ તેને વિશે અર્થશાસ્ત્રીઓ અને કર્મશીલો તથા અમલદારો વચ્ચે ભારે મતભેદ પ્રવર્તે છે. અહીં આ યોજના વિશે કેટલાંક મંતવ્યો રજૂ કરવામાં આવ્યાં છે.

## લોકોને પસંદગી કરવા દોઃ અનાજ આપવાનું કે રોકડ રકમ આપવાનું સરકારે લોકો પર લાદવું જોઈએ નહિ

- રેનાના ઝાબવાલા, સેવા ભારત, નવી દિલ્લી

બધા જ લોકો એ બાબતે સંમત છે કે ભારતમાં આમ આદમીને સામાજિક સુરક્ષા પૂરી પાડવી જોઈએ. આવી રહેલો અન્ન સલામતી ધારો આવો જ એક પ્રયાસ છે. બધા જ એ બાબતે પણ સંમત થાય છે કે સરકાર જે સેવાઓ પૂરી પાડે છે. તેમાં ખૂબ જ છીંડાં છે અને મોટા પાયા પર તેમાં ભ્રષ્ટાચાર થાય છે. આ ખામીયુક્ત વ્યવસ્થાના ઉપાય તરીકે સીધી રોકડ રકમ ગરીબોને આપવી એવો વિચાર કરવામાં આવ્યો છે.

જો કે, અપેક્ષા મુજબ જ આ વિષય વિશેની ચર્ચામાં અનેક મુદ્દા ઉપસ્થિત થયા છે. એક પક્ષે એમ માનવામાં આવે છે કે સેવાઓ પૂરી પાડવામાં જે ક્ષતિઓ છે તે તમામ રોકડ રકમ આપવાથી દૂર થઈ જશે. બીજા લોકો એમ માને છે કે રોકડ રકમ આપવાથી ગરીબોનાં હિતો જોખમાશે અને સરકાર પોતાની જવાબદારીઓમાંથી છટકી રહી છે એવો સંકેત મળશે. આ ચર્ચાનાં બે પાસાં આજે નોંધનીય છે. પ્રથમ તો એ કે, કાં તો અનાજ કાં તો રોકડ રકમ એમ અંતિમ છેડા પંસદ કરવામાં આવે છે. બીજો મુદ્દો એ છે કે જુદી જુદી હિમાયત કરનારાં જૂથો વચ્ચેની ચર્ચામાં ગરીબ ગ્રાહકોના પોતાના અવાજની ગેરહાજરી છે.

જે લાભાર્થી છે તેને રોકડ રકમ કે અનાજ એ બે વચ્ચે પંસદગીની તક કેમ ના આપવી? જો પસંદગીની નીતિ અપનાવવામાં આવે તો પરિવારને પ્રવર્તમાન સંજોગોમાં પોતાની જરૂરિયાત અનુસાર જે શ્રેષ્ઠ લાગે તેની પસંદગી કરવાની તક મળે છે. પસંદગીથી લોકોને એ જણાવવાની તક મળે છે કે તેમને પિતૃસત્તાક રાજ્યના માર્ગદર્શનની જરૂર છે જ એવું નથી. જો ભારતનો મધ્યમ વર્ગ ઉદારીકરણને પરિણામે તેમને જે વિકલ્પો પસંદગી માટે મળે છે તેનાથી લાભાવન્તિ થયો હોય તો, ગરીબોને સામાજિક સુરક્ષાનાં વૈકલ્પિક સ્વરૂપો વચ્ચેની પસંદગીથી શા માટે વંચિત રાખવામાં આવે છે?

ભારતમાં આજે ગરીબોને અન્ન સલામતી પૂરી પાડનારી સૌથી મોટી વ્યવસ્થા જાહેર વિતરણ વ્યવસ્થા(પીડીએસ) છે. તેમાં કેન્દ્ર સરકાર અનાજ, ખાંડ અને કેરોસિનમાં ગરીબ પરિવારોને સબસિડી આપે છે. આ વ્યવસ્થા ખૂબ જ અસરકારક છે એવું નથી. દર વર્ષે રૂ. ૬૦,૦૦૦ કરોડની સબસિડી અપાય છે તેમ છતાં ૨૦૦૫માં આયોજન પંચે જાહેર વિતરણ વ્યવસ્થાની કામગીરી અંગે જે મૂલ્યાંકન કર્યું હતું તેમાં એમ જણાવાયું હતું કે માત્ર ૩૨ ટકા સબસિડી જ ગરીબો સુધી પહોંચે છે. રોકડ રકમ આપવાની વૈકલ્પિક પદ્ધતિમાં ગરીબ લોકોના બેંક ખાતામાં જ સબસિડીની રકમ જમા થશે. એ રકમથી તેઓ ખાદ્ય ચીજો ખરીદી શકશે અને તેમને માટે વધુ અન્ન સલામતી ઊભી થશે.

દિલ્લી સરકારે દિલ્લીની સેવા સંસ્થા સાથે મળીને એક પ્રાયોગિક અભ્યાસ હાથ ધર્યો. તેમાં શહેરી ગરીબોની અન્ન સલામતી ઉપર રોકડ રકમ આપવાથી શી અસર પડે તેનો અભ્યાસ કરાયો. પશ્ચિમ દિલ્લીના એક ગરીબ વિસ્તારમાં એક વર્ષ માટે આ અભ્યાસ કરાયો. ૪૫૦ બીપીએલ કાર્ડધારકોને એમ પૂછવામાં આવ્યું હતું કે તેઓ આ અભ્યાસમાં ભાગીદાર થવા ઈચ્છે છે કે કેમ. તેમની હા અને ના નોંધવામાં આવી અને જેમણે હા પાડી હતી તેમાંથી ૧૦૦ને રોકડ રકમ તબદીલ કરવા માટે પસંદ કરવામાં આવ્યા. બાકીના હા પાડનારા અને બધા ના પાડનારાને અંકુશિત જૂથ તરીકે ગણવામાં આવ્યા.

રોકડ રકમ મેળવનારા પરિવારોને સસ્તા અનાજની દુકાનેથી આ ગાળા દરમ્યાન કોઈ ખરીદી કરવા દેવામાં આવી નહોતી. જે પરિવારમાં રોકડ રકમ અપાતી હતી એ મહિલાને નામે જ અપાતી હતી. મહિલાને નામે જ સૌથી નજીકની બેંકમાં એક ખાતું ખોલવામાં આવ્યું હતું અને દર મહિને તેના ખાતામાં રકમ જમા થતી હતી. દરેક પરિવારને દર મહિને રૂ. ૧૦૦૦ મળતા હતા કે જે અગાઉ મળતી સબસિડી જેટલા જ હતા.

અભ્યાસનાં પરિણામો એમ દર્શાવે છે કે જે પરિવારોને રોકડ રકમ મળી હતી એમાં પોષણનું સ્તર ઊંચું આવ્યું હતું. તેઓ રોકડ રકમ નહિ મેળવનારા પરિવારો કરતાં ૬૦ ટકા વધારે માંસાહારી ચીજો અને કઠોળ ખરીદી શકતા હતા. જો કે, બંને જૂથો દ્વારા ખરીદવામાં આવાતાં અનાજ અને ખાંડના જથ્થાનું પ્રમાણ યથાવત્ રહ્યું હતું. અમને એમ જણાયું કે ઘણી મહિલાઓ મહિનામાં એક વાર રિક્ષા ભાડે કરીને જથ્થાબંધ બજારમાં નીચા ભાવે પોતાની પસંદગીનું અનાજ ખરીદવા માટે ગઈ હતી. તેમણે એમ પણ કહ્યું કે સસ્તા અનાજની દુકાનોમાં જે અનાજ મળે છે તેના કરતાં વધુ સારી ગુણવત્તાવાળું અનાજ તેમણે ખરીદ્યું હતું.

પંરપરાગત રીતે એક એવો ભય પ્રવર્તે છે કે રોકડ રકમ અપાશે તો પુરુષો દારૂ પીને તે રકમ વાપરી નાખશે. અમારો અભ્યાસ એમ દર્શાવે છે કે જે પરિવારોને રોકડ રકમ અપાઈ હતી તે પરિવારોમાં મદ્યપાન વધ્યું નહોતું. એક પુરુષે એમ કહ્યું કે હા, અમે પહેલાંની જેમ જ દારૂ પીએ છીએ, પરંતુ અમે અનાજ માટેનાં આ નાણાંને અડતા નથી. મહિલાઓએ એમ કહ્યું કે, નાણાં તેમના બેંક ખાતામાં આવે છે તેથી તેઓ મજબૂત થઈ છે એવી લાગણી અનુભવે છે અને તેઓ એ નાણાંનો તેમના પરિવાર માટે ઉપયોગ કરી શકે છે. રોકડ રકમ ગમે ત્યાં વાપરી શકાય છે, તેથી કેટલાક પરિવારોમાં એ રકમ આરોગ્યની તાકીદની સમસ્યા ઊભી થઈ ત્યારે તે માટે પણ વાપરવામાં આવી હતી ખરી. કેટલાંક પરિવારોએ એ રકમનો ઉપયોગ પોતાની આવક વધારવા માટે મૂડી તરીકે પણ કર્યો હતો.

સસ્તા અનાજની દુકાનના માલિકોએ આ પ્રયોગને તેમની સામેની હરીફાઈ તરીકે જોયો. તેનું એ વિસ્તારની દુકાનો માટે ખૂબ જ રસપ્રદ પરિણામ એ આવ્યું કે એ દુકાનો સ્પર્ધાની બીકે વધારે કાર્યક્ષમ રીતે કામ કરતી થઈ! તેમણે ગરીબ પરિવારોને અપાતા અનાજનો જથ્થો અને તેની ગુણવત્તા બંનેમાં સુધારો કર્યો કે જે પરિવારો રોકડ રકમ લેતા નહોતા. તેમણે રોજ પોતાની દુકાનો પણ ખુલ્લી રાખી? આ પ્રયોગ એમ દર્શાવે છે કે બીપીએલ કાર્ડધારકને વર્ષના આરંભમાં અનાજ અને રોકડ રકમ વચ્ચે પસંદગી કરવાનું કહેવામાં આવે અને એક વર્ષ પછી તેને એ પસંદગી બદલવાનો અધિકાર પણ આપવામાં આવે. જો કે, એ મહત્ત્વનું છે કે રોકડ રકમ પરિવારની મહિલાના હાથમાં આપવામાં આવે. વળી, એ પણ સ્વીકારવું જોઈએ કે આ પ્રયોગ દિલ્લીમાં સફળ થઈ શકે કે જ્યાં બેંકોની ખૂબ શાખાઓ છે. જો કે, મોટા ભાગના ગ્રામ વિસ્તારોમાં લોકોનો આ રીતે નાણાકીય સમાવેશ થયો નથી. આ અભાવ મહિલાઓ માટે ખૂબ જ ખરાબ છે. એનો અર્થ એ થયો કે ગરીબ પરિવારોને રોકડ રકમ આપવાની નીતિ ત્યાં જ સફળ થાય કે જ્યાં બેંકોની શાખાઓ પૂરતા પ્રમાણમાં હોય. અન્ન સલામતી વિશે દાયકાઓ સુધી ચર્ચાઓ અને પ્રયોગો કર્યા બાદ એ સમય હવે આવ્યો છે કે આપણે લોકોને સાંભળીએ અને તેમને શું જોઈએ છે તે નક્કી કરવા દઈએ.

(સ્રોતઃ તા.૨૨.૧૦.૨૦૧૨, ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા)

## રોકડ રકમ આપવાનો ઉપાય સારો છે

- અરવિંદ પેનાગરિયા, કોલંબિયા યુનિવર્સિટી, અમેરિકા

ભારતમાં ભૂખમરો અને અપોષણની પરિસ્થિતિ ગંભીર છે તેથી બિન-કાર્યક્ષમ, ભ્રષ્ટ અને ગળતર ધરાવતી જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ વિસ્તારવા માટે અન્ન સલામતી ધારો આવી રહ્યો છે અને તેના પુરસ્કર્તાઓ માટે સૌથી મજબૂત દલીલ એ જ છે. જો કે, આ લોકો દ્વારા જે નિદાન અને ઉપાય જણાવાય છે તેમાં ગંભીર ખામીઓ પ્રવર્તે છે.

નાગરિક સમાજનાં જૂથો અને વિશ્વ આરોગ્ય સંસ્થા, અન્ન અને કૃષિ સંસ્થા અને વિશ્વ બેંક એમ જણાવે છે કે ૨૦ ટકા કે તેથી વધુ ભારતીયો ભૂખમરો વેઠે છે. અને તેના કરતાં પણ વધુ લોકો અપોષણનો ભોગ બનેલા છે. પરંતુ આ દલીલ છેલ્લા બે દાયકા દરમ્યાન ભારતમાં કેલરી વપરાશ સતત ઘટી રહી હોવાના વલણ ઉપર આધારિત છે. ધનવાન કે ગરીબ, શહેરી કે ગ્રામીણ તમામ ગ્રાહકોમાં આ વલણ જણાઈ આવ્યું છે.

પરંતુ જ્યારે તેમને રાષ્ટ્રવ્યાપી ખર્ચ સર્વેક્ષણમાં એમ પૂછવામાં આવ્યું કે શું તેમની પાસે આખું વર્ષ પૂરતું ખાવાનું હોય છે કે નહિ ત્યારે ભારતીય લોકોએ તેનાથી તદ્દન ઊંધો જ જવાબ આપ્યો છે. ૧૯૮૩માં આ પ્રશ્નનો જવાબ નકારમાં આપનારા ૧૭.૩ ટકા હતા પરંતુ

૧૯૩-૯૪માં તે પ્રમાણ ઘટીને ૫.૨ ટકા થયું હતું. ૧૯૯૯-૨૦૦૦માં તે ૩.૬ ટકા અને ૨૦૦૪-૦૫માં માત્ર ૨.૫ ટકા થયું હતું.

આ આંકડાઓ અસ્વીકાર્ય છે એવું જેઓ કહે છે, તેમની દલીલ એ છે કે પરિવારના વડા જ્યારે જવાબ આપે ત્યારે તેમના પરિવારમાં ભૂખમરો પ્રવર્તે છે એવું કહેતા નથી, કારણ કે તેમાં તેમને શરમ આવે છે. પરંતુ એ હકીકત નથી. એ જ પરિવારના વડાઓને બીપીએલ કાર્ડ માટે અરજી કરતાં અને તે સાથે સંકળાયેલા લાભ મેળવતાં શરમ આવતી નથી. એટલે આ દલીલમાં દમ નથી અને ભૂખમરો ઘટી રહ્યો છે એ હકીકત છે. એ વાત તો ચોક્કસ જ ને કે ૧૯૮૦માં જેઓ સ્વમાની હતા તેઓ ૨૦૦૦ કરતાં ઓછા સ્વમાની તો ન જ હોય!

કેલરીની વપરાશની જરૂરિયાત ઘટવા માટે અનેક કારણો છે અને તેથી તમામ વર્ગોમાં તેનો ઘટાડો નોંધાયો છે. ગ્રામ વિસ્તારોમાં ખેતીમાં યાંત્રિકીકરણ ઉત્તરોત્તર વધી રહ્યું છે. બહુ ઓછા લોકો હવે લાંબા અંતર સુધી ચાલતાં કે સાયકલ પર જાય છે, મોટા ભાગના લોકો બસો અને બાઈકનો ઉપયોગ લાંબા અંતરે જવા માટે કરે છે. ખેતીમાં સામેલ વસ્તીનું પ્રમાણ પણ ઘટી રહ્યું છે. વધુ ને વધુ બાળકો શાળાએ જઈ રહ્યાં છે, તેમને મધ્યાહ્ન ભોજન યોજના દ્વારા જે કેલરી મળે છે તેની ગણતરી તો પરિવારના વપરાશી ખર્ચમાં થતી નથી, અને તેને આધારે જ કેલરીની વપરાશના આંકડા કાઢવામાં આવે છે.

શહેરી વિસ્તારોમાં પણ આ જ પરિબળો કામ કરે છે. ખાનગી અને જાહેર બંને પરિવહન વ્યવસ્થામાં સુધારો થવાથી શારીરિક શ્રમ કરીને દૂરના અંતરે જવાનું ઘટી ગયું છે. બાંધકામ જેવા ઉપયોગમાં માટે યંત્રનો ઉપયોગ થવાથી શારીરિક શ્રમની જરૂરિયાત ઘટી ગઈ છે. કામદારો વધુ ને વધુ ટેબલ-ખુરશી પર કામ કરતા થઈ ગયા છે. વધુમાં, પર્યાવરણ બદલાતાં કેલરીનો સમાવેશ વધુ સારી રીતે થાય છે અને આરોગ્ય સંભાળની સવલતો સુધારવાથી કેલરીની વાસ્તવિક વપરાશ ઘટી છે. શહેરી વિસ્તારોમાં પાણી નળ દ્વારા મળતું થયું છે, પાણીના શુદ્ધિકરણની વ્યવસ્થા સુધરી છે, ગ્રામ વિસ્તારોમાં હેન્ડપંપ અને ટયુબવેલ વધ્યા છે અને તેથી પીવાના ચોખ્ખા પાણીની સવલત વધી છે. તેને લીધે ઝાડાનો રોગ ઘટી ગયો છે કે જે અન્નને શરીરમાં આમેજ થવા દેતો નથી. દવાઓની પ્રાપ્યતા વધવાને લીધે પણ કેલરી વધારે પ્રમાણમાં શરીરમાં આમેજ થાય છે. લોકોના શરીરની ઊંચાઈ અને વજન વધી રહ્યાં છે એ જ એમ બતાવે છે કે કેલરીની વપરાશ ઘટી એટલે અષોષણ વધ્યું એવું તારણ કાઢી ના શકાય. નેશનલ ન્યુટ્રિશન મોનિટરિંગ બ્યુરોના સર્વે એ જણાવે છે કે ૧૯૭૫-૭૯થી ૨૦૦૪-૦૫ દરમ્યાન સામાન્ય બોડી માસ ઈન્ડેક્સથી ઓછો ઈન્ડેકસ હોય એવા પુરુષોનું પ્રમાણ ૫૬ ટકાથી ઘટીને ૩૩ ટકા થયું. અને સ્ત્રીઓનું પ્રમાણ ૫૨ ટકાથી ઘટીને ૩૬ ટકા થયું. આંકડા એમ પણ દર્શાવે છે કે સ્ત્રીઓ અને પુરુષો બંનેની ઊંચાઈ વધી રહી છે. આયુષ્ય, મૃત્યુ દર, શિશુ મૃત્યુ દર, બાળ મૃત્યુ દર અને માતૃત્વ મૃત્યુ દર પણ સતત ઘટી રહ્યા છે.

આ કારણોસર કેલરીની વપરાશ ઘટી રહી હોવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે એ ગેરમાર્ગે દોરનારી બાબત છે, કે જ્યારે ખરી સમસ્યા સંતુલિત આહારની છે અને તે અનાજની વપરાશ ઉપરાંતની છે. પરંતુ કેલરી વપરાશ વધે છે એ જો લક્ષ્યાંક હોય તો પણ જાહેર વિતરણ વ્યવસ્થાનું વિતરણ એ એનો ઉત્તર નથી. આવક વધી હોવા છતાં જો વ્યક્તિઓ ઓછું અનાજ વાપરવાનું પસંદ કરતી હોય તો, નીચા ભાવે વધુ અનાજ પ્રાપ્ય બનાવવાથી પરિસ્થિતિ બદલાશે નહિ. પરિવારો તેમના ભાગનું સસ્તું અનાજ ખરીદશે અને વધુ ભાવે બજારમાં વેચી મારશે. ભારતમાં બાળકોમાં અપોષણ અંગે નિશા મલ્હોત્રા જેવાં અર્થશાસ્ત્રી દ્વારા જે અભ્યાસ કરાયો છે તે એમ દર્શાવે છે કે માત્ર અનાજની પ્રાપ્યતા વધારવાને બદલે આહાર અંગેની યોગ્ય રીતો વિશે માતાઓને માહિતી આપવાથી પરિસ્થિતિ સુધરે છે. પુખ્ત વયનાઓને પણ આ બાબત લાગુ પડે છે કે જેમને સંતુલિત આહારની જરૂર છે.

આ પુરાવાઓ અને વિશ્લેષણ છતાં પણ અન્ન સલામતી ધારાના પુરસ્કર્તાઓ જાહેર વિતરણ વ્યવસ્થાનું સાર્વત્રિકીકરણ ઈચ્છે છે અને માને છે કે તેનાથી ગરીબોને વધારે અનાજ મળશે, તેઓ વધુ અનાજ વાપરશે તો તેમનું પોષણ સારી રીતે થશે. મેં જ્યારે બીજા અને ત્રીજા પ્રતિપાદન સામે વાંધો ઉઠાવ્યો છે ત્યારે, જે પુરાવાઓ છે તે તો પ્રથમ પ્રતિપાદન સામે સવાલો ઊભા કરે છે. તાજેતરમાં એક લેખમાં પિટર સ્વેદબર્ગ એમ કહે છે કે, બાકી રહી જતા પરિવારોના સમાવેશ માટે સાર્વત્રિકીકરણને ટેકો આપવા માટે જે પુરાવો અપાય છે તે પ્રતીતિજનક નથી. ૧૯૯૭ અગાઉ જાહેર વિતરણ વ્યવસ્થા સૈદ્ધાંતિક રીતે સાર્વત્રિક જ હતી. પરંતુ તેમ છતાં મોટી સંખ્યામાં ગરીબ પરિવારો તેમાં બાકાત રહી જતા હતા અથવા તો તેઓ સસ્તા ભાવે ખૂબ જ ઓછા પ્રમાણમાં અનાજ ખરીદતા હતા.

રાજકોષીય ખાધ ઘટાડવા માટેનું ભારે દબાણ હોવા છતાં ગરીબોને

રોકડ રકમ આપવા માટે નિર્ણય લેવાયો છે એ નિરાશાજનક છે અને પ્રધાનમંડળે તદ્દન ભૂલભરેલા અન્ન સલામતીના ધારાને પણ મંજૂરી આપી છે. રોકડ રકમ અપાય, લોકોને સંતુલિત આહાર વિશે માહિતી આપવાની ઝુંબેશ ચલાવાય અને ખેતી, અન્ન સુરક્ષા તથા આરોગ્ય ક્ષેત્રે સુધારા કરાય એ જ સાચી દિશાના સુધારા છે. મોટા પ્રમાણમાં અનાજનું વિતરણ કરાય એનાથી સરકારને કોઈ તુલનાત્મક લાભ મળતો નથી કે પછી કેલરીની વપરાશ વધે તેની ખાતરી પણ તેનાથી મળતી નથી, સંતુલિત આહારની વાત તો દૂર જ રહી. આર્થિક વૃદ્ધિનો દર વધ્યો તેથી સરકારની આવકમાં વધારો થયો છે. તેથી યુપીએ સરકારે પુનઃવહેંચણીના કાર્યક્રમોનું ઝડપથી વિતરણ કર્યું છે. જેમ કે, અન્ન સબસિડીમાં વધારો, મફત અને ફરિજયાત પ્રાથમિક શિક્ષણ, રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન અને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારો. પરંતુ આ ક્રાર્યક્રમોનો લાભ બહુ જ ઓછા લોકો સુધી પહોંચે છે. આ બધી યોજનાઓમાં ભ્રષ્ટાચારનો રોગચાળો વ્યાપક છે. ચીનથી તદ્દન વિરુદ્ધ ભારતમાં સરકાર સામાજિક લાભો ગરીબોને આપવાની બાબતમાં નિરાશાજનક રીતે બિન-અસરકારક અને બિન-કાર્યક્ષમ બની રહી છે.

દા.ત. ૧૧મી પંચવર્ષીય યોજનામાં જણાવાયા મુજબ ભારતીય અન્ન નિગમના જથ્થામાંથી ૨૦૦૪-૦૫માં થયેલા ઉપાડમાંથી ૫૪ ટકા ઉપાડનું અનાજ લાભાર્થીઓને પહોંચ્યું જ નહોતું. વધુ ખરાબ બાબત તો એ છે કે, નિગમ દ્વારા ખુલ્લામાં જે અનાજ સંઘરાય છે તે વરસાદમાં ધોવાઈ જાય છે, બગડી જાય છે અથવા ચોરાઈ જાય છે. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનામાં પણ આવું જ બને છે. ત્રીજા ભાગથી માંડીને ૫૦ ટકા સુધીનું નિર્ધારિત વેતન તો છેક તાલુકા સ્તરના અધિકારીઓને લાંચ તરીકે ચુકવાય છે. જાહેર આરોગ્ય કેન્દ્રો અને સંભાળની વ્યવસ્થામાં પેટા કેન્દ્રો, જાહેર આરોગ્ય કેન્દ્રો અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રો પર સ્ટાફ હોતો જ નથી. તેથી ૮૦ ટકા દર્દીઓને ખાનગી દવાખાનામાં સારવાર લેવી પડે છે. સરકારી શાળાઓમાં શિક્ષકો હાજર ન રહેતા જ નથી તેથી ખાનગી શાળાઓ ફૂલેફાલે છે.

સરકારની પુરવઠાની સાંકળમાં જે ગળતર થાય છે તે પૂરવાના પ્રયાસો દાયકાઓથી થાય છે અને તે નિષ્ફળ ગયા છે, પરિસ્થિતિ તેમનાથી સુધરી નથી. હકીકતો એમ કહે છે કે સમય જતા આવું ગળતર વધ્યું છે, ઘટ્યું નથી. તેથી સરકાર અને ભ્રષ્ટ તથા બિન-કાર્યક્ષમ વિતરણ વ્યવસ્થાનો લાભ મેળવનારાં બિન-સરકારી સંગઠનોએ એ દંભ છોડી દેવો જોઈએ કે આ કે તે ખામી દૂર કરવાથી વ્યવસ્થાને કાર્યરત કરી શકાશે. એવી આશામાં ને આશામાં ૫૦ વર્ષ સુધી લોકોએ દુઃખો સહન કર્યાં છે, હવે બહુ થયું! લાભાર્થીઓને ન્યાય મળે અને સરકાર તથા બિન-સરકારી સંગઠનો જે કરદાતાઓની આવક વેડફે છે તેમને ન્યાય મળે તે માટે યોગ્ય વિકલ્પો પ્રયોજવા જોઈએ. પુરવઠો પૂરી પાડવાની કમ-સે-કમ બે વ્યવસ્થાઓ છે કે જે ઓછા ખર્ચે વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડી શકે. એક છે વાઉચર પદ્ધતિ. તેમાં વાઉચર ધરાવનાર વ્યકિત અમુક નિશ્ચિત વસ્તુ કે સેવા ઓછા ભાવે જાહેર કે ખાનગી દુકાનદાર પાસેથી ખરીદી શકે છે. બીજી છે સીધી જ રોકડ રકમની તબદીલી.

વાઉચર પદ્ધતિમાં સરકાર લાભાર્થીને એક વાઉચર આપે છે અને તે વાઉચરનો ઉપયોગ ઓછા ભાવે અનાજ ખરીદવા માટે કરી શકે છે. પસંદગી તેણે કરવાની હોય છે. જેણે વસ્તુ કે સેવા પૂરી પાડી છે તે સરકાર પાસેથી સબસિડીની રકમ મેળવી લે છે. આ યોજનામાં કાર્યક્ષમતા વધારવા માટે જાહેર પુરવઠાકારોએ પોતાનું ખર્ચ સંપૂર્ણપણે વાળી લેવું પડે છે અને ખાનગી ક્ષેત્ર સાથે તેમણે સ્પર્ધા કરવી પડે છે. નાગરિક ઉડ્ડયન કે દૂરસંચાર ક્ષેત્રની સરકારી કંપનીઓ કે જાહેર ક્ષેત્રની બેંકો ખાનગી ક્ષેત્ર સાથે હરીફાઈ કરે એવી કંઈ આ હરીફાઈ હોતી નથી.

બીજો વિકલ્પ છે ગરીબોને રોકડ રકમ આપવાનો. સરકાર લાભાર્થીઓને રોકડ રકમ આપે છે અને લાભાર્થી જાતે નક્કી કરે છે કે એ રકમ ક્યાં વાપરવી. જો કે, ૧૪ વર્ષથી નીચેના બાળકને શાળાએ મોકલાય કે તેની નિયમિત રીતે આરોગ્ય તપાસ થાય તો જ રોકડ રકમ અપાય એવી શરતો મૂકી શકાય. ટીકાકારો રોકડ રકમ આપવાનો એવા કારણસર વિરોધ કરે છે કે લાભાર્થી કદાચ તેને જે ચીજો ખરીદવા માટે રોકડ રકમ અપાઈ છે તે નહિ ખરીદે અને જુગારમાં કે દારૂ પીવામાં વાપરી નાખશે. પરંતુ એ તો અત્યારે જે વસ્તુઓ આપવામાં આવે છે તેમાં પણ થઈ શકે. જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા સસ્તા ભાવે જે અનાજ મળે છે તે ઊંચા ભાવે બજારમાં વેચી શકાય છે અને રોકડ રકમનો ઉપયોગ દારૂ પીવા માટે કરી શકાય. સેવાઓ સસ્તા દરે પૂરી પડાય તો તેમાં આવું ના થાય પણ તેમનાથી લાભાર્થીઓની પોતાની આવક બચે છે કે જે તેની મનગમતી ચીજ ખરીદવામાં વપરાઈ શકે છે. આમ, વિદેશી સહાય સરકાર ગમે ત્યાં વાપરે તેમ વ્યક્તિઓ રોકડ સહાય પણ ગમે ત્યાં વાપરે એમ બને.

('ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં તા-૨૫-૮-૨૦૧૨ અને તા-૧૯-૧૦-૨૦૧૨ના રોજ પ્રસિદ્ધ થયેલા લેખોનો ભાવાનુવાદ)

## રોકડ રકમની તબદીલી અને યુઆઈડીઃ આવશ્યક માગણીઓ

(જાહેર વિતરણ વ્યવસ્થા અને અન્ય જાહેર સેવાઓને બદલે આધારકાર્ડને આધારે ગરીબોને રોકડ રકમ આપવાની ભારત સરકારની યોજનાનો વિરોધ કરતું આ નિવેદન તા. ૩૦.૧૨.૨૦૧૨ના રોજ દેશભરના ૨૦૮ કર્મશીલો અને વિદ્વાનોએ જારી કર્યું છે.)

વૃદ્ધાવસ્થા પેન્શન, વિધવા પેન્શન, પ્રસૂતિ સમયે સહાય, શિષ્યવૃત્તિ વગેરે જેવી યોજનાઓમાં ગરીબોને રોકડ રકમ આપવા માટેની યોજનાઓને અમે ટેકો આપીએ છીએ. જો કે, કલ્યાણલક્ષી યોજનાઓના સાગમટા બદલામાં યુઆઈડીને આધારે રોકડ રકમ આપવાની સરકારની યોજનાઓનો અમે વિરોધ કરીએ છીએ. આ યોજનાથી ભારે મોટી મુસીબત અને સામાજિક બાદબાકી ઊભી થઈ શકે છે. અમે નીચેની બાબતોની માગણી કરીએ છીએઃ

**૧. જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના અનાજને બદલે રોકડ રકમ નહિ**

લાખો લોકો માટે પોષણ અને આર્થિક સલામતી કાજે જાહેર વિતરણ વ્યવસ્થા એક મહત્ત્વનો સ્રોત છે. તેનું વિતરણ થવું જોઈએ અને તે મજબૂત કરવી જોઈએ. તેને તોડી પાડવી જોઈએ નહિ.

**૨. રાષ્ટ્રીય અન્ન સલામતી ધારો તત્કાળ ઘડો અને તેમાં સાર્વત્રિક જાહેર વિતરણ વ્યવસ્થાને સામેલ કરો**

૨૦૧૪ની ચૂંટણીઓ અગાઉ મોટા પ્રમાણમાં રકમ આપવાનું ખોટું વચન આપીને લોકોનું ધ્યાન બીજે વાળવાને બદલે સરકારે રાષ્ટ્રીય અન્ન સલામતી ધારો ઘડવાના પોતાના વચનને યાદ કરવું જોઈએ.

**૩. જાહેર સેવાઓના બદલામાં રોકડ રકમ આપવી જોઈએ નહિ**

રોકડ રકમ આપવાની કેટલીક યોજનાઓ ઉપયોગી છે ત્યારે તે જાહેર સેવાઓની જોગવાઈની પૂરક બનવી જોઈએ, જેમ કે, આરોગ્ય સંભાળ, શાળેય શિક્ષણ, પાણી પુરવઠો, પાયાની સવલતો અને જાહેર વિતરણ વ્યવસ્થા વગેરે. આ સેવાઓ માટે ખૂબ જ ઓછાં નાણાં ખર્ચાઈ રહ્યાં છે.

**૪. યુઆઈડીની રાહ જોયા વિના રોકડ રકમ આપવાની યોજનાઓનું વિસ્તરણ કરવું અને તે સુધારવી**

પેન્શન, શિષ્યવૃત્તિ તથા પ્રસૂતિ સહાય જેવી યોજનાઓ સુધરે તેને માટે યુઆઈડી યોજના આગળ વધે તેની રાહ જોવાની જરૂર નથી. દા.ત. સામાજિક સલામતી માટેના પેન્શનમાં વધારો થવો જોઈએ અને તેને સાર્વત્રિક બનાવવું જાઈએ.

**૫. કાનૂની માળખા સિવાય યુઆઈડી માટે નોંધણી ના થાય**

કોઈ પણ કાનૂની સુરક્ષા વિના જ લાખો લોકોની યુઆઈડી માટે નોંધણી કરાઈ રહી છે. સંસદીય સ્થાયી સમિતિએ તે અંગેના ખરડાના મુસદ્દાને ફગાવી દીધો છે. મજબૂત કાનૂની માળખું તૈયાર થાય ત્યાં સુધી યુઆઈડીની નોંધણી અટકાવી દેવી જોઈએ.

**૬. યુઆઈડી માટેની નોંધણી સ્વૈચ્છિક હોય, ફરજિયાત નહિ**

કોઈ પણ જાહેર સેવા કે અધિકાર મેળવવા માટે કોઈને પણ માટે યુઆઈડી નોંધણી ફરજિયાત હોવી જોઈએ નહિ. સાનૂકુળ વિકલ્પ હંમેશાં પ્રાપ્ય હોવો જોઈએ.

**૭. તાજેતરમાં જાહેર વિતરણ વ્યવસ્થા, નરેગા અને અન્ય યોજનાઓને યુઆઈડી નોંધણીમાંથી બાકાત રખાય**

અત્યંત કેન્દ્રિત ઢબની અને અનિશ્ચિત ટેક્નોલોજી માટેનો પ્રયોગ કરવા માટે આવશ્યક સેવાઓ એ યોગ્ય ક્ષેત્ર નથી. અન્ય બાબતો. જેમ કે, કરચોરી માટે તેનો પ્રયોગ પ્રથમ થવો જોઈએ.

**સમજૂતીઃ રોકડ રકમ આપવાની અને યુઆઈડીની યોજનામાં થતી ઉતાવળનો વિરોધ**

વૃદ્ધાવસ્થા પેન્શન, વિધવા પેન્શન, પ્રસૂતિ સહાય અને શિષ્યવૃત્તિ તરીકે રોકડ રકમ અપાય તેને અમે ટેકો આપીએ છીએ. વાસ્તવમાં, સામાજિક સલામતી તરીકે પેન્શન યોજનાનું વિસ્તરણ થાય અને તે સુધરે તે માટેની લડતોમાં અમારામાંના ઘણાબધાનો હિસ્સો રહ્યો છે. આ હેતુ માટે અમે આધુનિક ટેક્નોલોજીના સમુચિત અને લોકમિત્ર ઉપયોગને પણ ટેકો આપીએ છીએ.

જો કે, અમે આવી રોકડ રકમ આપવાની યોજનાનો આધાર કે યુનિક આઈડેન્ટિટી (યુઆઈડી) ક્રમાંક સાથે જોડવાની સરકારની ઉતાવળ સામે ગંભીર વાંધો ઉઠાવીએ છીએ. એનું કારણ એ છે કે આ યોજનાઓને આધાર કાર્ડ સાથે સાંકળવાથી મોટી મુસીબત ઊભી થઈ શકે છે. દા.ત. જે વૃદ્ધ વ્યક્તિ અત્યારે ટપાલ કચેરીએથી પેન્શન મેળવે છે તેણે આધાર કાર્ડ સાથે જોડાયેલા બેંક ખાતાનો આધાર લેવો પડે. પછી તેમનું પેન્શન ફિંગરપ્રિન્ટની સમસ્યા, કનેક્ટિવિટીની સમસ્યાઓ, વીજળી ડૂલ થવી, બનાવટી ધંધાકીય સંવાદદાતાઓ જેવી અનેક સમસ્યાઓને કારણે અટકી જાય એમ બને.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અપાતાં અનાજ અને અન્ય ચીજોના બદલામાં રોકડ રકમ આપવાની યોજનાનો પણ અમે સખત વિરોધ કરીએ છીએ. તે માટે અનેક કારણો છે. એક તો એ કે, જાહેર વિતરણ વ્યવસ્થા લાખો ગરીબ પરિવારો માટે અન્ન સલામતી અને આર્થિક સલામતીનું સ્રોત છે.

૨૦૦૯-૧૦માં જાહેર વિતરણ વ્યવસ્થાને લીધે લગભગ પાંચમા ભાગના પરિવારો ગરીબીમાંથી ખાસ્સા બહાર આવ્યા હતા. તામિલનાડુ અને છત્તીસગઢ જેવાં રાજ્યોમાં તો લગભગ ૫૦ ટકા પરિવારોને માટે આવું વિધાયક પરિણામ આવ્યું હતું. તાજેતરના અનુભવો પણ એમ દર્શાવે છે કે જાહેર વિતરણ વ્યવસ્થામાં વિના વિલંબે સુધારો કરવાનું શક્ય છે.

બીજું, ગ્રામ વિસ્તારોમાં બેંકિંગ વ્યવસ્થા આવી નાની રકમની મોટા પાયે તબદીલી કરવા માટે હજુ પણ તૈયાર નથી. બેંકો ઘણી વાર બહુ દૂર હોય છે અને તેમાં બહુ ભીડ હોય છે. બેંકિંગ વ્યવસ્થાને ઉકેલ સમજવામાં આવે છે પરંતુ તેમાં ઘણી મોટી સમસ્યાઓ છે. ટપાલ કચેરીઓને આવી રોકડ રકમ આપવા માટેની સંસ્થા બનાવવી જોઈએ પણ તેમાં સમય જશે.

ત્રીજું, ગ્રામીણ બજારોનો વિકાસ યોગ્ય રીતે થયેલો અનેક સ્થળોએ દેખાતો નથી. જો જાહેર વિતરણ વ્યવસ્થા બંધ કરી દેવામાં આવે તો દેશભરમાં અનાજનો પ્રવાહ વહેવામાં વિક્ષેપ ઊભો થાય અને ઘણા લોકો સ્થાનિક વેપારીઓ અને મધ્યસ્થીઓની દયા ઉપર જીવતા થઈ જાય.

ચોથું, એકાકી મહિલાઓ, વિકલાંગ વ્યક્તિઓ અને વૃદ્ધો જેવાં જૂથો પોતાની રોકડ રકમ લેવા કે દૂરનાં બજારોમાંથી અનાજ ખરીદવા માટે આસાનીથી હરીફરી શકતાં નથી, તેમને પણ પારવાર મુસીબતો વેઠવી પડે.

છેલ્લું, પણ એટલું જ મહત્ત્વનું, રોકડ રકમની ખરીદશક્તિ ફુગાવાથી આસાનીથી ધોવાઈ જાય. પેન્શન કે નરેગામાં મળતા વેતનને ફુગાવાના આંક સાથે જોડવાનો સરકાર ઈન્કાર કરે છે ત્યારે રોકડ રકમની તબદીલીને ફુગાવાના આંક સાથે જોડવામાં આવશે એવા સરકારના વચન ઉપર વિશ્વાસ કોણ મૂકે? જો એવું થોડું ઘણું થાય તો પણ તેમાં નાનો વિલંબ થાય અને તે પણ ફુગાવાના દરની માહિતી મળતાં થતા વિલંબને લીધે થાય એમ પણ બને. તેને લીધે ગરીબોને માટે ઘણી મોટી મુશ્કેલી ઊભી થાય.

કોટકાસિમમાં જે ફિયાસ્કો થયો એ રોકડ રકમ આપવાની યોજનાની સંભવિત વિઘાતક અસરોનું નોંધપાત્ર ઉદાહરણ છે. એ સફળ પ્રયોગ ભારે ઉત્સાહ સાથે કરાયો હતો અને તેને તરત જ ભારે સફળ પ્રયોગ ગણાવાયો હતો. હકીકતમાં તેનું કારણ એ હતું કે કેરોસિન પાછળની સબસિડીનું ખર્ચ ૬૦ ટકા ઘટી ગયું હતું. પરંતુ વાસ્તવમાં તેની પાછળનું મુખ્ય કારણ એ હતું કે કેરોસિનના વિતરણની સમગ્ર વ્યવસ્થા જ તૂટી પડી હતી.

એવી એક છાપ ઊભી કરવામાં આવી છે કે સરકાર ૨૦૧૪ની ચૂંટણી અગાઉ રોકડ રકમ આપવાની યોજના આધાર કાર્ડને આધારે મોટા પાયે કરવા તૈયાર છે. આ ખૂબ જ ગેરમાર્ગે દોરનારી બાબત છે અને લોકો આધાર કાર્ડ મેળવી લે તે માટેના પ્રયાસનો એક ભાગ છે. આવી જાહેરાતથી રાષ્ટ્રીય અન્ન સલામતી ધારો ઘડવામાં સરકારની જે નિષ્ફળતા છે તેના તરફથી ધ્યાન બીજે ખેંચાય છે, અન્ન સલામતી ખરડો ખૂબ જ નબળો છે એ તો ખરું જ, પણ તે પણ સ્થાયી સમિતિ સમક્ષ એક વર્ષથી પડેલો છે. દરમ્યાન, અન્નનો જથ્થો અભૂતપૂર્વ રીતે વધી રહ્યો છે. સમયની એ માંગ છે કે રાષ્ટ્રીય અન્ન સલામતી ધારો ઘડાય અને આધાર કાર્ડ આધારિત રોકડ રકમની તબદીલી તરફ આગળ ના વધાય.

---

**પૃષ્ઠ ૨૧નું શેષ**

યુવતીઓ છે! વળી, એવી દલીલ કરવામાં આવે છે કે વિદેશી કંપનીઓના મોલ આવશે તો શોષણ વધશે. અત્યારે પણ સ્વદેશી મોલમાં યુવાન કર્મચારીઓનું શોષણ થાય છે જ. તેમની પાસેથી બાર-બાર કલાક કામ લેવામાં આવે છે અને તેમને માસિક રૂ.૩૦૦૦ થી રૂ.૫૦૦૦નું વેતન આપવામાં આવે છે. આ શોષણ સામે કોઈ રાજકીય પક્ષ કેમ કશું જ બોલતો નથી?

એકંદરે જોતાં એમ લાગે છે કે મનમોહનસિંહની સરકારે છૂટક વેપાર ક્ષેત્રે ૫૧ ટકા સુધીના વિદેશી મૂડીરોકાણને આપેલી મંજૂરીનો વિરોધ ખરેખર તો વિરોધ કરવા ખાતર કરેલા વિરોધ જેવો દેખાય છે. જો વિરોધ છૂટક વેપાર ક્ષેત્રે સીધા વિદેશી મૂડીરોકાણનો કરવો જ હોય તો પછી તમામ સીધા વિદેશી મૂડીરોકાણનો વિરોધ કરવો પડે, અને જો વિદેશી મોલનો જ વિરોધ કરવો હોય તો દેશી-વિદેશી તમામ મોલનો વિરોધ કરવો જોઈએ, કારણ કે નુકસાન થતું જ હોય તો બંનેથી સરખું જ નુકસાન થાય છે, અને તેને માટે કોઈ રાજકીય પક્ષ તૈયાર નથી.

# છૂટક વેપારમાં સીધું વિદેશી મૂડીરોકાણ

ભારત સરકારે તાજેતરમાં છૂટક વેપારમાં સીધા વિદેશી મૂડીરોકાણમાં ૫૧ ટકાથી વધુ ઈક્વીટી મૂડીના રોકાણને મંજૂરી આપી તે અંગે ઘણો મોટો વિવાદ ઊભો થયો. રોકાણ, રોજગારી અને વિકાસ જેવા મહત્ત્વના મુદ્દાઓ વિશે તદ્દન સામસામા છેડાનાં મંતવ્યો રજૂ થયાં છે. અહીં આ વિશે બે મંતવ્યો રજૂ કરવામાં આવ્યાં છે.

## છૂટક વેપારમાં સીધું વિદેશી રોકાણ નાની દુકાનોને નુકસાન કરશે?

- લક્ષ્મી મિતેર, મુક્ત લેખિકા

અન્નપૂર્ણા રસ્તા પરની એક નાની દુકાનદાર છે. તે જોઈ રહી છે કે તેનો ધંધો ધીમે ધીમે તેના હાથમાંથી સરકી રહ્યો છે. તાજાં ફળો અને શાકભાજી તે બે હાથલારીઓમાં વેચી રહી છે. હું જે એપાર્ટમેન્ટમાં રહું છું તેની નજીકમાં તે એક ઝૂંપડામાં રહે છે. તે દરરોજ તાજાં શાકભાજી અને ફળો લાવે છે કે જે બીગ બાઝાર જેવા મોલમાં જોવા મળતાં નથી. તે રોજ જેટલું લઈ આવે છે એટલું બધું જ વેચાઈ જાય છે. જો કંઈ બાકી રહે તો તે નાની દુકાને વેચાય છે.

તેની એકમાત્ર સમસ્યા કિંમત છે. બીગ બાઝાર જેવા મોલ કરતાં તેના ભાવ થોડાક વધારે હોય છે, પણ એ યોગ્ય હોય છે કારણ કે તે લોકોને ઘરની નજીક જ મળે છે, તેની ચીજો સારી ગુણવત્તાવાળી હોય છે. જો કે, તાજેતરમાં જ ધ હૉર્ટિકલ્ચરલ પ્રોડ્યુસર્સ કોઓપરેટિવ માર્કેટિંગ એન્ડ પ્રોસેસિંગ સોસાયટી લિમિટેડ (હોપકોમ્સ)ની વાન દ્વારા તેની લારીની સામે  જ તાજાં શાકભાજી અને ફળો વેચવામાં આવે છે. તેના ભાવ થોડા ઓછા હોય છે એટલે હવે લોકો વાનમાંથી વસ્તુઓ લે છે.

અન્નપૂર્ણા દલાલો કે વેપારીઓ પાસેથી માલ ખરીદે છે, જ્યારે હોપકોમ્સ ખેડૂતો પાસેથી સીધી ખરીદી જ કરે છે, તેથી વચેટિયાઓનું કમિશન ટાળી શકાય છે. એટલે તે ગ્રાહકોને તે સસ્તા ભાવે ચીજો વેચે છે. જો કે, અન્નપૂર્ણાએ તો ખેડૂતના ભાવ અને વેપારીઓની દલાલી બંને ચૂકવવાં પડે છે. વધુમાં, તેનું પેટિયું રળવા માટે તેણે તેનો પોતાનો નફો પણ ઉમેરવો પડે છે. તેને પરિણામે તેના ભાવ હોપકોમ્સ કરતાં થોડા વધારે તો હોય છે જ. ભારતમાં અસંગઠિત છૂટક વેપારને માટે આ ચિંતાનો વિષય છે. છૂટક વેપારમાં આવું અસંગઠિત બજાર ૯૦ ટકા છે. છૂટક વેપારમાં સીધું વિદેશી રોકાણ વધારવા માટે ભારત સરકારે જે નિર્ણય લીધો છે તેને અંગે ભારે વાદ-વિવાદ ચાલી રહ્યા છે. આપણે માટે ગંભીર રીતે વિચારવાનો વિષય એ છે કે સરકાર દ્વારા પ્રેરિત હોપકોમ્સ જેવી સહકારી મંડળીઓ કે વિદેશી મોલ બેમાંથી કોણ કરિયાણાની દુકાનો, નાની દુકાનો કે રસ્તા પરના લારી-ગલ્લાને નુકસાન કરશે.

છૂટક વેપારમાં વિદેશી રોકાણથી દેશભરમાં મોટા મોલ મોટા પાયે શરૂ થશે. નાના દુકાનદારો કે લારી-ગલ્લાવાળા ઘરની નજીક હોય છે, જ્યારે મોટા મોલ દૂર હોય છે. તેથી ઘરઆંગણે ખરીદીનો લાભ લોકોને નાની દુકાનો અને લારી-ગલ્લાથી જ મળે છે. રોજરોજ શાકભાજી અને ફળો ખરીદવાના હોય ત્યારે અગત્યનું બની જાય છે. બહુ જ ટૂંકા સમયમાં થોડીક જ ચીજો ખરીદવાની હોય ત્યારે ગ્રાહકોને માટે કરિયાણાની દુકાનો સગવડતાભરી બને છે. જ્યારે તત્કાળ ખરીદી કરવાની હોય ત્યારે લોકો મોલમાં કે સ્ટોરમાં જવાને બદલે નજીકની કરિયાણાની દુકાને જવાનું જ પસંદ કરે છે.

જો કે, મોલ કે સ્ટોર જંગી ખરીદી પર ડિસ્કાઉન્ટ આપે છે. વળી, મોટા મોલ માટે મોટી જગ્યા જોઈએ છે કે જે ભારત જેવા મોટા દેશમાં મળવી અઘરી છે. મોલ ઘરથી દૂર હોય છે અને ત્યાં ખરીદી કરવા જવું પડે છે. બીજી તરફ હોપકોમ્સ જેવી સહકારી મંડળીઓ મોબાઈલ દુકાનો કોઈ પણ વિસ્તારમાં ફેરવી શકે છે અને દુકાનો નાખી ધંધો કરી શકે છે. સહકારી મંડળીઓને સરકારી સબસિડી મળે છે તેથી તેઓ નુકસાન સહન કરી શકે છે પણ મોટા મોલ માટે એ શક્ય બનતું નથી.

છૂટક વેપારમાં વિદેશી રોકાણ આવવાથી નાની દુકાનો અદશ્ય થઈ જવાની સંભાવના ખૂબ જ ઓછી છે ત્યારે એ સમજવું પણ જરૂરી છે કે છૂટક વેપારમાં વિદેશી રોકાણની શી જરૂર છે અને તેનાથી શા લાભ છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ફુગાવાનો દર સતત વધી રહ્યો હોવાનો આપણો અનુભવ છે. આપણી આવક પણ વધી રહી છે, પણ ભાવો પણ વધી રહ્યા છે. તેથી ગ્રાહકોના હાથમાં ખર્ચવાપાત્ર

આવક ઘટી જાય છે, અને તેથી માથાદીઠ વપરાશ ઘટી જાય છે.

ફુગાવો ઊંચો જઈ રહ્યો હોવાનું એક કારણ એ છે કે વચેટિયાઓ ખેડૂતો અને ગ્રાહકો બંનેને વાજબી ભાવ મળવા દેતા નથી. એ રીતે વિતરણનું માળખું બિન-કાર્યક્ષમ છે. દર વર્ષે પરિવહનની વ્યવસ્થા, સંગ્રહ અને વેચાણની સવલતોને અભાવે લગભગ ૬૦,૦૦૦ કરોડ રૂ.નો બગાડ થાય છે. જો છૂટક વેપારમાં વિદેશી રોકાણ આવે તો આ પરિસ્થિતિ બદલાઈ શકે છે અને વિતરણનું માળખું વધારે કાર્યક્ષમ બની શકે. મોટા મોલ કંપનીઓને તેમના દેશોમાં વિતરણનું કદાવર માળખું ચલાવવાનો અનુભવ હોય છે તેથી આ શકય બને.

તેઓ ખેડૂતો સાથે સીધો સંપર્ક સાધી શકે છે, તેથી વચેટિયાઓ સંપૂર્ણપણે નાબૂદ થાય છે, કે જેઓ વિતરણના સમગ્ર માળખામાંની બિન-કાર્યક્ષમતાનું મૂળ કારણ છે. તેઓ ખેડૂતોને ખેતીની નવી પદ્ધતિઓ અંગે ટેકનિકલ સહાય પણ પૂરી પાડે શકે છે. દા.ત. ભારતમાં ભારતી-વોલ્માર્ટ દ્વારા પંજાબમાં ૧૨૦૦ ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરવામાં આવે છે અને તે ખેડૂતોને ખેતીનું ઉત્પાદન વધે તે માટે ખેતીની પદ્ધતિમાં સુધારા લાવવા મદદ કરે છે. વિતરણના માળખામાં જે બગાડ થાય છે તે ઘટાડાવામાં આનાથી લાંબા ગાળે મોટી મદદ મળે તેમ છે. મોટી કંપનીઓને આ જવાબદારી સોંપવી એક સારી હિલચાલ છે કારણ કે તેઓ મોટા કદના તમામ લાભ મેળવી શકે છે અને ખર્ચમાં ખાસ્સો ઘટાડો કરી શકે છે. તેને લીધે છેવટે વપરાશી ચીજોના ભાવ ઘટે છે.

જેઓ છૂટક વેપારમાં વિદેશી રોકાણના વિરોધી છે તેઓ એવી દલીલ કરે છે કે વિદેશી મોલ હરીફાઈને તોડી નાખવા ભાવો એકદમ નીચા રાખે અને એક વાર અસંગઠિત ક્ષેત્રની સ્પર્ધા નેસ્તનાબૂદ થઈ જશે પછી તેઓ અગાઉનું નુકસાન ભરપાઈ કરવા માટે ભાવો વધારી દેશે. બિગ બાઝાર અને રિલાયન્સ બંને અત્યારે નાની દુકાનોની સાથે જ અસ્તિત્વ ધરાવે છે. મોટા પાયા પર વિદેશી કંપનીઓના મોલ આવે તો પણ એ ટકે જ, એ નહિ ટકે એવું માનવાને કોઈ કારણ નથી. એક મોટી સંભાવના એ છે કે નાના દુકાનદારો તેમનો માલ વાજબી ભાવે આ ધંધાકીય ચેનલ પાસેથી ખરીદે અને ગ્રાહકોને એ માલ ઘરઆંગણે આપે અને તેથી ગ્રાહકોને દૂર ખરીદી કરવા ન જવું પડે. નાના દુકાનદારો કદી પણ અદૃશ્ય નહિ થાય.

(સ્રોતઃ તા. ૨૧.૧.૨૦૧૩, ડેક્કન હેરલ્ડ)

## છૂટક વેપારમાં વિદેશી મૂડીરોકાણનો વિરોધ તર્કવિહીન

- હેમન્તકુમાર શાહ, એચ. કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદ.

મનમોહનસિંહની સરકારે આર્થિક સુધારાને નામે સીધા વિદેશી રોકાણને અને ખાસ કરીને છૂટક વેપારને ક્ષેત્રે ૫૧ ટકા વિદેશી ઈક્વીટી મૂડી સાથે મંજૂરી આપવાનો જે નિર્ણય લીધો છે તેનાથી દેશમાં રાજકીય ક્ષેત્રે હલચલ મચી ગઈ છે. એમ જણાવવામાં આવે છે કે જો વોલ્માર્ટ અને ટેસ્કો જેવી વિદેશી કંપનીઓના મોલ ભારતમાં ખૂલશે તો ભારતમાં છૂટક વેપારીઓના બાર વાગી જશે. શું ખરેખર આ ડર સાચો છે ખરો? વળી, સીધા વિદેશી રોકાણથી જ આ છૂટક વેપાર ક્ષેત્રે મુસીબત ઊભી થાય તેમ છે?

સીધું વિદેશી રોકાણ (ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ-એફડીઆઈ) એટલે એવું રોકાણ કે જેમાં વિદેશી કંપની ભારતમાં આવે અને કોઈ વસ્તુ કે સેવાનું ઉત્પાદન કરવા કે વેચવા માટે મૂડીરોકાણ કરે. આવું મૂડીરોકાણ ભારતમાં વધારે થાય તે માટે ૧૯૯૧ પછી ભારતમાં વિદેશી કંપનીઓ માટેનાં દ્વાર સવિશેષ ખુલ્લાં કરવામાં આવ્યાં. જો હવે છૂટક વેપાર (રિટેલ) ક્ષેત્રે વિદેશી મૂડીરોકાણ ખરાબ છે એમ જ કહેવું હોય તો જેટલાં ક્ષેત્રોમાં વિદેશી મૂડીરોકાણ થયું છે એ બધું જ ખરાબ છે એમ કહેવું પડે, કારણ કે કોઈ પણ ક્ષેત્રે જો વિદેશી મૂડીરોકાણથી નુકસાન થતું જ હોય તો સરખું જ થાય છે. ભારતમાં ડિસેમ્બર-૨૦૧૧ની સ્થિતિએ ૩૦૫૦ જેટલી વિદેશી કંપનીઓ છે કે જેમણે વિવિધ વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન કે વેચાણ માટે મૂડીરોકાણ કરેલું છે.

મૂળ મુદ્દો એ છે કે જેઓ છૂટક વેપાર ક્ષેત્રે સીધા વિદેશી મૂડીરોકાણનો વિરોધ કરે છે તેઓ તમામ વિદેશી મૂડીરોકાણનો વિરોધ નથી કરી રહ્યા એ સમજવું જોઈએ. શું તેઓ પેપ્સી કે કોકા કોલા કે ફોર્ડ કે સુઝુકી જેવી કંપનીઓને ભારતમાંથી કાઢી મૂકવા માટે સંમત થશે ખરા? ના, નહિ થાય. આમ, વિરોધ સીધા વિદેશી મૂડી રોકાણનો નથી પણ છૂટક વેપાર ક્ષેત્રે આવનારા સીધા વિદેશી મૂડી રોકાણનો છે. મનમોહનસિંહની સરકારે હાલ છૂટક વેપાર ક્ષેત્રે વિદેશી કંપનીઓને ૫૧ ટકા સુધીના મૂડીરોકાણ માટે છૂટ આપી છે. અત્યારે પણ ૪૯ ટકા વિદેશ મૂડીરોકાણની છૂટ છે જ, અને વોલ્માર્ટ સહિતની વિદેશી કંપનીઓએ ભારતમાં ૪૯ ટકા સુધી ઈક્વીટી મૂડી સામે ભારતી જેવી સ્વદેશી કંપનીઓ સાથે સંયુક્ત સાહસો શરૂ કરેલાં જ છે.

એટલે જો વિદેશી મોલનો વિરોધ હોય તો જે અત્યારે હાજર છે તેમનો પણ વિરોધ કરવાનો થાય.

જે મામલો છે તે ૪૯ ટકા અને ૫૧ ટકા વિદેશી ઈક્વીટી મૂડીનો છે. આ વાત બરાબર સમજીએઃ દા.ત. છગન વિદેશી છે અને તેના ૪૯ રૂ.નું તથા મગન દેશી છે અને તેનું ૫૧ રૂ.નું મૂડીરોકાણ. બે જણાએ ભેગા મળીને મોલ શરૂ કર્યો. આ ધંધામાં રૂ. ૧૦૦નો નફો થાય તો વિદેશ છગનને એ નફામાંથી રૂ. ૪૯ મળે અને દેશી મગનને રૂ. ૫૧ મળે.

મનમોહનસિંહની સરકાર હવે વિદેશી છગનને રૂ. ૫૧ના મૂડીરોકાણની છૂટ આપે છે. તેથી વિદેશી છગનનો રૂ. ૫૧નું અને દેશી મગનનાં રૂ. ૪૯નું મૂડીરોકાણ. હવે જો રૂ. ૧૦૦નો નફો થાય તો વિદેશ છગનને રૂ. ૫૧ નો નફો મળે અને દેશી મગનને રૂ. ૪૯નો નફો મળે. તો છગન પહેલાં કરતાં બે રૂપિયાનો નફો વધારે વિદેશ લઈ જાય. જેઓ વોલ્માર્ટ જેવી વિદેશ કંપનીઓનો વિરોધ કરે છે એમને આ બે રૂપિયાનો વાંધો શા માટે છે એ સમજાતું નથી. જો એમણે વાંધો ઉઠાવવો જ હોય તો વિદેશોમાં જે રૂ. ૪૯ તેમની કંપનીઓ દ્વારા લઈ જવાય છે એનો પણ વાંધો ઉઠાવવો જોઈએ.

વળી, નાના વેપારીઓને હવે નુકસાન થશે એમ કહેવું પણ વિચિત્ર છે. એક મોલમાં વોલ્માર્ટનું ૪૯ ટકા મૂડીરોકાણ હોય તો નાના વેપારીઓને નુકસાન ના થાય અને ૫૧ ટકા મૂડીરોકાણ હોય તો તેમને નુકસાન થાય એવું કેવી રીતે બને? જો નાના વેપારીઓને નુકસાન થતું જ હોય તો હાલ જે વિદેશી કંપનીઓ દ્વારા છૂટક વેપાર ક્ષેત્રે રોકાણ થયું છે તેમના મોલથી પણ થાય છે જ. તો તેમને તત્કાળ બંધ કરી દેવા જોઈએ. પરંતુ કોઈ રાજકીય પક્ષ હાલ એવું કહેતો જ નથી.

એક દલીલ વપરાશવાદ (કન્ઝ્યુમરિઝમ) વિશે કરવામાં આવે છે. મોલ કલ્ચર વપરાશવાદને ઉત્તેજન આપે છે, લોકો બિન-જરૂરી વસ્તુઓ ખરીદવા માટે પ્રેરાય છે, વગેરે વગેરે દલીલ કરવામાં આવે છે. આ બાબતમાં કેટલું તથ્ય છે એ તપાસવાની જરૂર છે. કોઈ વ્યક્તિ તેને જરૂર જ ના હોય છતાં ચોકલેટ, બટાટા, ચંપલ, ઘડિયાળ વગેરે ખરીદીને પોતાના ઘરમાં તેનો ઢગલો ક્યાં સુધી કરે? વપરાશવાદ વકર્યો છે એમાં ના નથી પણ તેને માટે મોલ અને તે પણ વિદેશી કંપનીઓના મોલ જ જવાબદાર છે એમ કહેવું વધારે પડતું નથી? પ્રશ્ન એ પણ છે કે શું વિદેશી કંપનીઓના મોલ કે સ્ટોર નકામા અને સ્વદેશી કંપનીઓના મોલ કે સ્ટોર સારા? જે નુકસાન વિદેશી કંપનીઓના મોલથી નાના વેપારીઓને થાય તે નુકસાન શું સ્વદેશી કંપનીઓના મોલથી ના થાય? રિલાયન્સ, એરટેલ, ભારતી, બિરલા વગેરે સ્વદેશી કંપનીઓના મોલ કે સ્ટોર સામે રાજકીય પક્ષો વિરોધ કેમ નથી કરતા? નાના વેપારીઓની હિમાયત કરનારાઓએ આ બધા મોલ બંધ કરાવી દેવા જોઈએ.

બિગ બાઝારના ૧૬૧, રિલાયન્સના ૧૨૦૦, શોપર્સ સ્ટોપના ૪૭, ઈઝી-ડેના ૧૯૫, સ્પેન્સર્સના ૧૮૮ અને બિરલા-મોરના ૫૦૦ સ્ટોર અત્યારે ભારતમાં કાર્યરત છે. તેમાંના ઘણા બધા સ્ટોર એવા છે કે જે અત્યારે જે રાજ્યો મલ્ટિબ્રાન્ડ રિટેલમાં વિદેશી મૂડીરોકાણનો વિરોધ કરે છે એમાં જ છે. જેમ કે, ઉપરોક્ત સ્ટોર્સ આવાં રાજ્યોમાં અનુક્રમે ૬૯, ૫૫૬, ૨૮, ૪૪, ૪૪ અને ૨૫૨ છે. આ રાજ્યોએ અભ્યાસ કરવાની જરૂર છે કે શું તેમને ત્યાં આવા સ્ટોર્સ છે તો નાના દુકાનદારો બંધ થઈ ગયા કે નહિ અને થયા તો કેટલા થયા? અને જો નાની દુકાનો બંધ થઈ ગઈ હોય તો પછી તેઓ પોતાને ત્યાં એ સ્ટોર ચાલવા કેમ દે છે?

ભારતમાં મોલ કલ્ચરની શરૂઆત ૧૯૯૫થી થઈ. ૧૯૯૮થી ૨૦૦૪ સુધી ભાજપના નેતૃત્વમાં એનડીએની અટલબિહારી વાજપેયીની સરકાર હતી. આ જ ગાળા દરમ્યાન ભારતમાં ૫૦થી વધારે મોલ શરૂ થયા હતા. અત્યારે ભાજપ, એનડીએ અને બાકીના રાજકીય પક્ષો કયા મોઢે મોલનો વિરોધ કરવા નીકળ્યા છે? શું તેમને અત્યારે બ્રહ્મજ્ઞાન થયું છે અને અગાઉ પોતે લીધેલા નિર્ણયો ખોટા હતા એ એમની ભૂલ છે એવું એમને લાગે છે? જો ખરેખર એમ જ હોય તો એમણે એમ જાહેર કરવું જોઈએ.

જો ભાજપ અને એનડીએ તથા અન્ય રાજકીય પક્ષો વિદેશી મૂડીરોકાણનો વિરોધ કરતા હોય તો એ પણ વિચિત્ર બાબત છે. બધા જ રાજકીય પક્ષોની રાજ્ય સરકારોએ વિદેશી મૂડીરોકાણને આકર્ષણ માટે હરીફાઈ શરૂ કરી છે. કેટલાક મુખ્ય પ્રધાનો તો વિદેશી મૂડીરોકાણને આકર્ષવા માટે વિદેશ પ્રવાસો પણ કરે છે એટલે તેમની પાસે નૈતિક રીતે કોઈ સાચી દલીલ નથી એમ જ કહી શકાય. વળી, આ મુદ્દાનું એક વૈશ્વિક પાસું પણ છે. ૧૯૯૫માં 'વિશ્વ વ્યાપાર સંગઠન' (વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન-ડબ્લ્યુટીઓ)ની સ્થાપના થઈ. તેમાં જનરલ એગ્રીમેન્ટ ઓન ટ્રેડ ઈન સર્વિસિસ (ગેટ્સ) નામની એક સમજૂતી છે. આ

સમજૂતી હેઠળ મુખ્ય ૧૨ પ્રકારની સેવાઓ અને તેના પેટા પ્રકાર એવી લગભગ ૧૬૫ જેટલી સેવાઓનો સમાવેશ થયેલો છે. આ સેવાઓનો વેપાર આજે નહિ તો કાલે ભારતે મુક્ત કરવાનો જ છે, કારણ કે ભારત 'વિશ્વ વ્યાપાર સંગઠન'નું સભ્ય છે. છૂટક વેપાર એ આ ૧૬૫ સેવાઓમાંની એક સેવા છે જ. એટલે જો છૂટક વેપારમાં ભારતને વિદેશી રોકાણ ના જોઈતું હોય તો ભારતે 'વિશ્વ વ્યાપાર સંગઠન'માંથીરાજીનામું આપવું પડે. શું કોઈ રાજકીય પક્ષ એને માટે તૈયાર છે ખરો?

મોલથી નાના વેપારીઓની દુકાનો બંધ થઈ જશે એવો ડર બતાવવામાં આવે છે. મોલને લીધે બહુ જ જૂજ પ્રમાણમાં નાના વેપારીઓની દુકાનો બંધ થઈ જશે. બીજી તરફ, ઢગલાબંધ મોલ બંધ થઈ ગયાના દાખલા આખા દેશમાં છે. જેમ કે, અમદાવાદમાં સુભિક્ષા, મોર, અદાણી, પીરામિડ વગેરે જેવા મોલ કે સ્ટોર બંધ થઈ ગયા. ગેલપ્સ જેવો મોટો મોલ પણ બંધ થઈ ગયો અને રિલાયન્સના મોલે પણ પોતાનું કદ નાનું કરવું પડ્યું. કંપનીઓના મોલ કે સ્ટોર હોય તેને સંગઠિત છૂટક બજાર કહેવામાં આવે છે. ભારતમાં આવું બજાર અત્યારે માત્ર ૪ ટકા જ છે. ઉદારીકરણનાં ૧૭ વર્ષ પછી પણ મોલ કે સ્ટોરની આ સ્થિતિ હોય તો નાના વેપારીઓએ ગભરાવા જેવું ક્યાં છે?


જો કે, ભારત સરકાર દ્વારા વિદેશી કંપનીઓ મોલમાં રોકાણ કરશે તો રોજગારી વધશે એવો જે દાવો કરાય છે એ વાતમાં પણ બહુ દમ નથી. તેનો દાવો ઘણો મોટો છે. એક કરોડ જેટલા મોટા પ્રમાણમાં રોજગારી આગામી પાંચ વર્ષમાં ઊભી થશે એવો દાવો કરવામાં આવે છે. દેશમાં હાલ કુલ ૨૨૯૧ મોલ કે સ્ટોર છે. તેમાં સીધી રીતે જેમને રોજગારી મળે છે તેમની સરેરાશ સંખ્યા ૧૦૦ ગણવામાં આવે તો પણ ૨,૨૯,૧૦૦ લોકોને તેમાં રોજગારી મળે છે. જ્યારે દેશમાં નાના વેપારીઓ લગભગ ૫ કરોડ હોવાનો અંદાજ છે. વિદેશ કંપનીઓ મોલમાં વધુ મૂડીરોકાણ કરશે તો મોલમાં ખૂબ જ વધારે રોજગારી ઊભી થશે એવો દાવો તેથી ખોટો છે. મોલ કલ્ચરમાં ઓટોમેશન છે એ ન ભૂલવું જોઈએ. સામે પક્ષે નાના વેપારીઓની રોજગારી જતી રહેશે અને તેઓ મોટી કંપનીઓના નોકર બની જશે એવો જે ડર બતાવવામાં આવે છે તે પણ સાચો નથી. કયા નાના વેપારીને પોતાનો ધંધો બંધ કરીને મોલમાં નોકરી કરવા જવાની ફરજ પડી છે? જેઓ મોલમાં નોકરી કરે છે તે બધા તો યુવાનો અને

**જુઓ પૃષ્ઠ ૧૭**

## એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ્સ ફોર બેટર ગવર્નન્સ

શાસન એક મહત્ત્વનો વિષય બન્યો છે કારણ કે ગરીબી દૂર કરવા માટે શાસન સારું હોય એ અનિવાર્ય હોવાનું સમજાતું જાય છે. આ સંદર્ભ સાથે આ પુસ્તક લખવામાં આવ્યું છે. આ પુસ્તક મૂળભૂત રીતે સરકારી તંત્રમાં જે વહીવટી સુધારા જરૂરી છે તેના તરફ નિર્દેશ કરે છે. મુલ્કી સેવાઓમાં કામ કરનારા અધિકારીઓ અને કર્મચારીઓમાં જે ખામીઓ પ્રવર્તે છે એનો લેખકે સુપેરે ઉલ્લેખ કર્યો છે અને તેમના ઉપર સખત શબ્દોમાં ટીકાની ઝડી વરસાવી છે અને સાથે સાથે તેમણે જે ઉપાયો દર્શાવ્યા છે તે પણ ઘણો ઉશ્કેરાટ ઊભો કરે તેવા છે. લેખકે સ્પષ્ટ શબ્દોમાં એમ કહ્યું છે કે આઈએએસ અધિકારીઓ અને વરિષ્ઠ અધિકારીઓ ગરીબો પ્રત્યે સંવેદનશીલ નથી. તેમણે સામાજિક ક્ષેત્ર માટે નાણાકીય ફાળવણી વધારવા માટે અને રાજ્યોને અપાતાં નાણાં કામગીરી સાથે જોડવા માટે જણાવ્યું છે.

વહીવટી સુધારામાં તેમણે એક મહત્ત્વનો મુદ્દો એ જણાવ્યો છે કે કાયદાઓ અને કાર્યવાહીઓ સરળ બનાવવાં જોઈએ. તંત્રમાં ક્યાંય જવાબદારી નક્કી કરવાનું મુશ્કેલ બની જાય એવી પરિસ્થિતિ પેદા થઈ છે એમ જણાવીને લેખક કહે છે કે સીધી-સાદી બાબતો માટે પણ અનેક પ્રકારની મંજૂરીઓ લેવાનું જરૂરી બની જાય છે. મોટી કંપનીઓ માટે ઉદારીકરણ થયું છે પણ નાના વ્યવસાયો ગેરકાયદે ગણાય છે અને નિવાસી મકાનોમાં ઉત્પાદન પ્રક્રિયાને પણ ગેરકાનૂની ગણવામાં આવે છે! સરકારે વહીવટમાં પારદર્શિતા વધારવી જોઈએ અને તંત્રને વધારે પ્રતિભાવાત્મક બનાવવા જોઈએ એમ જણાવીને લેખકે એવી પણ ભલામણ અનેક અન્ય ભલામણોની સાથે કરી છે કે દરેક સરકારી કચેરી માટે નાગરિકોનું ખતપત્ર દાખલ કરવું જોઈએ કે જેથી નાગરિકોને જાહેર સેવાઓ સમયસર મળે. ઉપરાંત, એવા કાયદા અને નિયમોની સમીક્ષા કરવા માટે એક સમિતિ નીમીને તેમાં તત્કાળ સુધારા કરવાની જરૂર છે.




લેખકઃ એન. સી. સક્સેના. પ્રકાશકઃ નેશનલ સોશ્યલ વોચ, આર-૧૦ (જી.એફ.) ગ્રીન પાર્ક એક્સ્ટેન્શન, નવી દિલ્લી-૧૧૦૦૧૬.

# વાદા ના તોડો અભિયાનઃ નવો વિકાસલક્ષી એજન્ડા

વાદા ના તોડો અભિયાન સરકારને ગરીબી, સામાજિક બાદબાકી અને ભેદભાવ દૂર કરવા અંગે તેણે આપેલાં વચનો વિશે ઉત્તરદાયી બનાવવા માટેની એક રાષ્ટ્રીય ઝુંબેશ છે. તેણે ૨૦૦૦માં સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભા દ્વારા જે સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો ઘડવામાં આવ્યા હતા તેમની સિદ્ધિ ક્યાં સુધી પહોંચી તે વિશે કામગીરી કરવાનું અને સરકારને જવાબદારીપૂર્વકનું વર્તન કરવા માટે પ્રેરવાનું કાર્ય હાથ ધર્યું છે. તેણે આ અંગે જે એજન્ડા પ્રવર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં તૈયાર કર્યો છે તેની વિગતો સંક્ષેપમાં અહીં આપવામાં આવી છે.

**પ્રસ્તાવના**

સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો સિદ્ધ કરવાનું લક્ષ્ય ૨૦૧૫નું હતું. તે પછી વિકાસની કાર્યસૂચિ શું એ અંગેની વૈશ્વિક સ્તરની ચર્ચા વેગ પકડી રહી છે. આ ચર્ચા છેલ્લા એક દાયકા દરમ્યાન જે પ્રયાસો થયા છે તેમાંથી મળેલા પદાર્થપાઠ અંગે વિચારવાની સરકારને તક પૂરી પાડે છે. સાથે સાથે અસહાય અને વંચિત સમુદાયો હાલ જે નવા પડકારો સહન કરી રહ્યા છે તેમને વિશે વિચારવાની તકો પણ પ્રાપ્ત થાય છે. ભારતના સંદર્ભમાં ૨૦૧૫ પછી શું તે નક્કી કરવાની પ્રક્રિયા વિશે વધુ સંવાદ ઊભો કરવાની જરૂર છે. સક્રિય અને સામૂહિક પ્રયાસોની આવશ્યકતા છે કે જેથી ભારત અને વૈશ્વિક સ્તરે નવી વિકાસલક્ષી કાર્યસૂચિમાં પ્રાથમિકતાઓ શું હોય તે નક્કી થાય.

ભારતે ખુલ્લા દિલથી સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકોનો સ્વીકાર કર્યો હતો. તે સિદ્ધ કરવા ૨૦૦૫માં રાષ્ટ્રીય વિકાસ લક્ષ્યાંકો તૈયાર કરાયા હતા. ૨૦૦૪માં રચાયેલી સરકારના રાષ્ટ્રીય સર્વસામાન્ય લઘુતમ કાર્યક્રમમાં પણ તેમનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં ભારતે મહત્ત્વનાં પ્રદાનો આપ્યાં છે. ખાસ કરીને ભારે ગરીબીમાં જીવતી પ્રજાનું પ્રમાણ ઘટાડાવામાં ભારતની સિદ્ધિની નોંધ લેવાઈ છે. રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન અને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારાની જોગવાઈઓની પણ નોંધ લેવાઈ છે. આ કાર્યક્રમો વ્યાપક સંખ્યામાં લોકો સુધી પહોંચનારા અને મહત્ત્વાકાંક્ષી સામાજિક કાર્યક્રમો બની રહ્યા છે. આમ છતાં ભારતમાં અસમાનતા વધી રહી છે. ૧૯૯૦ના દાયકામાં સૌથી ઓછું વેતન કમાનારા અને સૌથી વધુ વેતન કમાનારા વચ્ચેનો તફાવત છ ગણો હતો, હવે એ ૧૨ ગણો છે. ૨૦૦૯માં વેતન રોજગારીમાં બિન-કૃષિ ક્ષેત્રે મહિલાઓનો ફાળો ૧૮.૬ ટકા હતો કે જે છેલ્લાં પાંચ વર્ષમાં માત્ર ૫ ટકા જેટલો વધ્યો હતો. આમ, ગરીબી ઘટાડવાના અને અસમાનતા ઘટાડાવાના પડકારો ઘણા મોટા છે.

ભારતમાં પણ ૨૦૧૫ પછી શું તે અંગેના સંવાદમાં ગતિ પકડાઈ રહી છે. આ સંદર્ભમાં પ્રાથમિકતાઓ કઈ હોઈ શકે તે વિચારવાનું છે. ભારતમાં સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો અંગે જાહેર અને રાજકીય મત ઊભો કરવામાં વાદા ના તોડો અભિયાન અગ્રેસર રહ્યું છે. ભારતમાં ગરીબી અને અસમાનતા ઘટાડાવાનો પડકાર જેમ મોટો છે એમ સમગ્ર દુનિયાના વિકાસલક્ષી એજન્ડામાં પ્રદાન આપવાનો પડકાર પણ ભારતે ઝીલવાનો છે. આ સંદર્ભમાં નવી વિકાસલક્ષી કાર્યસૂચિ ઘડવાની પ્રક્રિયા નીચે મુજબના સિદ્ધાંતો પર આધારિત હોવી જોઈએઃ

**સિદ્ધાંતો**

૧. **સામુદાયિક અનુભવો અને અપેક્ષાઓનું સંકલન**
સમુદાયોની કોઠાસૂઝ અને આકાંક્ષાઓ આ પ્રક્રિયાના કેન્દ્રમાં હોવાં જોઈએ. નવા વિકાસ લક્ષ્યાંકો નક્કી કરતી વખતે તેમની સફળતાઓ અને નિષ્ફળતાઓને ધ્યાનમાં લેવાં જોઈએ. ખાસ કરીને મહિલા અને સામાજિક રીતે વંચિત અન્ય જૂથોને વિકાસલક્ષી એજન્ડા નક્કી કરવાં માટે સામેલ કરવા જોઈએ. એમ થશે તો સ્થાનિક રીતે પ્રસ્તુત અને ઉત્તરદાયી એજન્ડા નક્કી થશે.

૨. **નાગરિક સમાજની સર્વસંમતિ**
નાગરિક સમાજના સંગઠનોની અપેક્ષાઓ શું છે તે તપાસવા વ્યાપક સંવાદ ઊભો થવો જોઈએ. મહત્ત્વના વિષયો અને વ્યૂહરચનાઓ વિશે સર્વસંમતિ ઊભી થાય એ જરૂરી છે. નવા વિકાસલક્ષી એજન્ડા નક્કી થયા પછી તેમને ટેકો આપવાની અને દેખરેખ રાખવાની પ્રક્રિયા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું થશે.

૩. **સંશોધન અને વિશ્લેષણને ટેકો**
નીતિ ક્ષેત્રના નિષ્ણાતો અને શૈક્ષણિક સંસ્થાઓની સામેલગીરી પણ આમાં મહત્ત્વની છે. છેલ્લા એક દાયકા દરમ્યાન ગરીબી

**જુઓ પૃષ્ઠ ૨૮**

# ઐક્યનું અર્થતંત્ર

દુનિયાભરમાં પરંપરાગત અર્થશાસ્ત્રમાં અર્થતંત્ર વિશે જે માન્યતાઓ અને સિદ્ધાંતો પ્રવર્તે છે તેને બદલે જે મોટું અનૌપચારિક કે અવૈધિક અર્થતંત્ર અસ્તિત્વમાં છે તેને વિશે વ્યાપક ચિંતન કરવામાં આવી રહ્યું છે. તેને ઐક્યના અર્થતંત્ર તરીકે તથા બીજા અનેક શબ્દપ્રયોગો દ્વારા ઓળખવામાં આવે છે. આ વિશે ચાલી રહેલી ચર્ચામાં જોડાવા માટેની વીમેન ઈન ઈન્ફોર્મલ એમ્પલોયમેન્ટઃ ગ્લોબલાઈઝિંગ એન્ડ ઓર્ગેનાઈઝિંગ (વીગો)ની જરૂરિયાત નક્કી કરવા જુન-૨૦૧૨માં ઈટાલીમાં બેલાજિયો ખાતે એક સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. એમાં **મેલાની સેમસન** દ્વારા રજૂ કરાયેલા એક અભ્યાસપત્રના અંશો અહીં રજૂ કરાયા છે.

### ઐક્યનું અર્થતંત્રઃ સિદ્ધાંતો અને વિભાવના

મોલીર્ટ અને એલિનેઈના મત મુજબ, સામાજિક અર્થતંત્ર, તૃતીય ક્ષેત્ર, ઐક્યનું અર્થતંત્ર કે વૈકલ્પિક અર્થતંત્ર, બિન-આકર્ષક અર્થતંત્ર, સ્વૈચ્છિક ક્ષેત્ર, આદર્શવાદી ક્ષેત્ર વગેરે જેવા શબ્દો પર્યાય તરીકે વપરાય છે. ખાસ કરીને સામાજિક અર્થતંત્ર, તૃતીય ક્ષેત્ર અને ઐક્યનું અર્થતંત્ર ઘણી વાર એકબીજાને બદલે વપરાતા શબ્દો છે. આમ, વિવિધ દેશોમાં તેમના અર્થમાં જે તફાવતો છે તેને નજરઅંદાજ કરી શકાય એમ છે. આમ, જુદા જુદા દેશોમાં જુદા જુદા લોકો અને જૂથો જુદા જુદા શબ્દો વાપરે છે.

ફેલિપ એલાઈઝ દ્વારા છેક ૧૯૩૯માં economia solidaria શબ્દો વપરાયા હતા. તેમણે સ્પેનિશ આંતરવિગ્રહ દરમ્યાન શહેરી અને ગ્રામ વિસ્તારો વચ્ચે ઐક્યના અર્થતંત્રની હાકલ કરી હતી. ૧૯૮૦ના દાયકામાં ફરી એક વાર ફ્રાન્સ અને દક્ષિણ અમેરિકામાં ઐક્યના અર્થતંત્ર માટે હાકલ કરવાની શરૂઆત થઈ હતી. સામાજિક અર્થતંત્ર (social economy) મૂડીવાદને બદલવાને બદલે પૂરક બનવા ઈચ્છે છે તેથી ઐક્યના અર્થતંત્રનો ખ્યાલ વધારે સુધારાત્મક (transformative) અભિગમ દર્શાવે છે. બ્રાઝિલમાં મૂડીવાદી શ્રમ સંબંધોનો વિકલ્પ શોધવા અને રોજગારીની કટોકટીના સામના માટે ૧૯૮૦ના દાયકાના મધ્યમાં ઐક્યના અર્થતંત્ર વિશે ચર્ચા શરૂ થઈ હતી. બ્રાઝિલમાં વર્કર્સ પાર્ટીના રાજકારણીઓ અને બુદ્ધિજીવીઓ દ્વારા ૧૯૯૬માં પહેલી જ વાર ઐક્યનું અર્થતંત્ર શબ્દપ્રયોગ થયો હતો.

વીગો દ્વારા જે મુસદ્દારૂપ લેખ મૂકાયો તેમાં લેવિનાસ પરેરા દે મેલો અને માર્ટિન્સ એમ જણાવ્યું કે બ્રાઝિલમાં ઐક્યના અર્થતંત્રને આર્થિક અને સામાજિક પદ્ધતિઓના વિવિધ અને વ્યાપક માળખા તરીકે સમજવામાં આવે છે કે જેમાં વસ્તુઓના ઉત્પાદનની સામૂહિક પ્રવૃત્તિઓ, સેવાઓની જોગવાઈઓ, એકતાને ધોરણે ધિરાણ, વિનિમય, ન્યાયી વેપાર અને ઐક્યના ધોરણે વપરાશનો સમાવેશ થાય છે. આવા પ્રયાસોનું સર્વમાન્ય લક્ષણ શ્રમના મૂડીવાદી સંગઠન - કે જેમાં વેતન કમાવાનું જ અગત્યનું હોય છે - ના વિકલ્પ તરીકે તેમને પ્રસ્થાપિત કરવાનું છે.

પોલ સિંગરના મતે ઐક્યના અર્થતંત્રમાં જે ચાવીરૂપ સિદ્ધાંતો છે તેમાં સહકાર, સમાનતા, લોકશાહી સ્વસંચાલન, એકતા, સહભાગિતા, ઉત્પાદનનાં સાધનોની સામૂહિક માલિકી અને સામેલ લોકો વચ્ચે નફાના વિભાજનનો સમાવેશ થાય છે. સિંગર એ સ્વીકારે છે કે ઐક્યના અર્થતંત્રમાં ભૂમિકાઓનું વિભાજન અને વિશિષ્ટ હોદ્દાઓની જરૂર પડે છે પણ તેમની દલીલ છે કે તેમ છતાં પણ નિર્ણયો એ રીતે લઈ શકાય કે જેમાં સર્વસામાન્ય હિત પ્રતિબિંબિત થતું હોય.

સિંગરના મત મુજબ ઐક્યના અર્થતંત્રમાં ઉત્પાદન અને વિતરણની પદ્ધતિ ઉત્પાદનની મૂડીવાદી પદ્ધતિથી વિરુદ્ધ છે કારણ કે તેમાં ઉત્પાદનનાં સાધનોનું સમાજીકરણ થાય છે અને તે મૂડીનાં મૂલ્યોથી વિરોધી મૂલ્યો પર આધારિત છે. તેઓ કહે છે કે ઐક્યનું અર્થતંત્ર મૂડીવાદી અર્થતંત્રના સંદર્ભમાં પરિસ્થિતિને સુધારવામાં મદદ કરે છે અને મૂડીવાદનો પ્રગતિશીલ વિકલ્પ રજૂ કરે છે. તેમના મતે ઐક્યના અર્થતંત્રનો મુખ્ય હેતુ ગરીબી દૂર કરવાનો છે. ઉપરાંત, તે ખૂબ મહત્ત્વનાં સામાજિક કાર્ય કરે છે. જેમ કે, તે વ્યક્તિઓને શીખવામાં, વિકસવામાં અને પુખ્ત બનવામાં મદદ કરે છે અને સામાજિક સમાવેશને પ્રોત્સાહન આપે છે. સિંગર એમ પણ માને છે કે ઐક્યનું અર્થતંત્ર મૂડીવાદને અતિક્રમી જવાનો માર્ગ છે. જો કે, કેટલાક લોકો મૂડીવાદી નોકરીઓની સલામતી અને સ્થિરતા ઈચ્છશે પણ આ નોકરીઓમાં પણ પરિસ્થિતિ બગડી રહી છે. ઐક્યનું અર્થતંત્ર વધારે સારું અને અલગાવ પેદા નહિ કરનારું કામનું સ્થળ ઈચ્છે છે. એવા લોકો પણ છે કે જેઓ સામૂહિક રીતે અને વધારે સમાન રીતે કાર્ય કરવા ઈચ્છે છે, તેને મૂલ્યવાન બાબત ગણે છે અને ઐક્યના અર્થતંત્રમાં જે

કેટલાક લોકો પ્રવેશે છે તેઓ મજબૂરીને લીધે તેમાં જાય છે પણ છેવટે તેમને ત્યાં રહેવાનું ગમે છે. સિંગર માને છે કે લોકોને મૂડીવાદી અર્થતંત્રમાં કે ઐક્યના અર્થતંત્રમાં કામ કરવા માટે પસંદગી કરવા દેવી જોઈએ. તેઓ એમ નથી કહેતા કે મૂડીવાદનો નાશ કરવો જોઈએ પણ તેનો સ્વાભાવિક રીતે ત્યાગ કરાવો જોઈએ, કારણ કે વધુ ને વધુ લોકો ઐક્યના અર્થતંત્રમાં કામ કરવાનું પસંદ કરશે.

## ઐક્યનું અર્થતંત્ર: અમેરિકન મત

એથાન મિલર એમ જણાવે છે કે, પરંપરાગત અર્થશાસ્ત્ર વાસ્તવિકતાને એવી રીતે વર્ણવે છે કે જેથી તમામ વ્યવહારો, પહેલ, માનવ સંબંધો અને પ્રેરણાઓ અદૃશ્ય બને છે, અને એ રીતે તે આર્થિક વિકલ્પો વિશે કલ્પના કરવાની આપણી ક્ષમતાને મર્યાદિત કરી નાંખે છે. એટલે ઐક્યના અર્થતંત્રની વિવિધ પ્રવૃત્તિઓ સાથે મળીને અમુક મૂલ્યો ધરાવે છે. આ મૂલ્યોમાં પારસ્પરિકતા અને સહકારનો સમાવેશ થાય છે. તેમાં લોકો પોતે તેમના વ્યક્તિગત અને સામૂહિક કલ્યાણ, આર્થિક અને સામાજિક ન્યાય, પર્યાવરણીય આરોગ્ય, વિવિધતા અને બહુવાદ વિશે નિર્ણયો લે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. મિલર એ વાત સ્વીકારે છે કે લોકો આ મૂલ્યો સ્વીકારે તો પણ બહુ ઓછા લોકો સંપૂર્ણપણે તે સિદ્ધ કરે છે. તેમાં એ સૌનો સમાવેશ થાય છે કે જેઓ તેના પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે.

## સ્ટ્રીટનેટ અને સામાજિક ઐક્યનું અર્થતંત્ર

ત્રીજી આંતરરાષ્ટ્રીય પરિષદમાં સ્ટ્રીટનેટ દ્વારા સામાજિક ઐક્યના અર્થતંત્ર વિશે એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ ઠરાવમાં અલ્પવિકસિત દેશોમાં અનૌપચારિક અર્થતંત્રનું ક્ષેત્ર વધી રહ્યું છે એમ જણાવાયું હતું અને કહેવાયું હતું કે, અનૌપચારિક અર્થતંત્રના આ ક્ષેત્રમાં લારી-ગલ્લાવાળા કે સ્વરોજગારી મેળવતા કામદારો તેઓ જે વિપરીત પરિસ્થિતિમાં કામ કરે છે તે છતાં તેમનાં અર્થતંત્રોમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ અર્થતંત્ર બેકારીનો સામનો કરવામાં, જીડીપીમાં અને સામાજિક સ્થિરતા લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ નવા આર્થિક ક્ષેત્રનું નિર્માણ છે કે જે સામાજિક જવાબદારી, સાહસિકતા અને એક તાનાં મૂલ્યો અને સિદ્ધાંતો ઉપર આધારિત છે અને તે લોકશાહી અને આર્થિક નાગરિકત્વના વિકાસમાં મહત્ત્વનું છે.

## ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઝઈઝેશન

આઈએલઓ સામાજિક અને ઐક્યનું અર્થતંત્ર એવો શબ્દ પ્રયોગ કરે છે. તે કહે છે કે આવું અર્થતંત્ર એવાં સંગઠનો અને સાહસો છે કે જે ઐક્ય અને સહભાગિતાના સિદ્ધાંતો ઉપર આધારિત છે અને તે આર્થિક અને સામાજિક બંને હેતુઓ સિદ્ધ કરવા સાથે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે. આવી સહકારી મંડળીઓ, પારસ્પરિક લાભ માટેની મંડળીઓ, મંડળો કે સામાજિક સાહસો સામાજિક કે આર્થિક કે બંને ક્ષેત્રે સક્રિય હોય છે. આઈએલઓ એમ કહે છે કે ૧૯મી સદીના અંત ભાગમાં 'સામાજિક અર્થતંત્ર' શબ્દપ્રયોગ એમને વર્ણવવા માટે થતો હતો કે જે સ્વૈચ્છિક અને સ્વસહાય મંડળો કામદારો દ્વારા ઊભાં થયાં હતાં. આ મંડળો ઔદ્યોગિક મૂડીવાદની સામાજિક અસરોના નિવારણ માટે હતાં. આવાં સંગઠનો એવાં સ્વાયત્ત સંગઠનોને એકત્ર કરવાનું લક્ષ્ય ધરાવે છે કે જે પોતાના સભ્યો કે સમુદાયની સેવાને નફાની આગળ મૂકે છે અને તેમાં લોકશાહી ઢબની નિર્ણય પ્રક્રિયા મહત્ત્વની હોય છે, પછી ભલેને નફાની વહેંચણી વિશે મતભેદો પ્રવર્તતા હોય.

## 'સેવા'

'સેવા' 'લોકોનું ક્ષેત્ર'ની હિમાયત કરે છે. તેના ઘણા ખ્યાલો ઐક્યના અર્થતંત્રના ખ્યાલો વિશે મળતા આવે છે. લોકોના ક્ષેત્રમાં નિશ્ચિત વર્ગનો પાયો છે અને તેમાં વૈશ્વિકીકરણ કે બજાર નિયમનની પ્રાથમિકતાઓ દ્વારા જેઓ ઔપચારિક અર્થતંત્રમાંથી બહાર ફેંકાયેલા છે અને સીમાન્તીકરણ પામેલા છે તેમનો સમાવેશ થાય છે. તેઓ જ્યારે સહકારી મંડળીઓમાં કે ન નોંધાયેલાં મંડળોમાં સંગઠિત થાય છે ત્યારે **લોકોના ક્ષેત્ર**ના ભાગ બને છે. આ અર્થમાં લોકોનું ક્ષેત્ર એટલે રેનાના ઝાબવાલાના જણાવ્યા મુજબ નાના ઉત્પાદકો, દુકાનદારો અને સેવાઓના પુરવઠાકારોની વ્યાપક વ્યવસ્થા કે જેઓ ઔપચારિક અને અનૌપચારિક સંગઠનોનું માળખું ધરાવે છે. તેમના મતે લોકોના ક્ષેત્રનો ચાલક સિદ્ધાંત પારસ્પરિકતા છે. તેનાં લક્ષણોમાં કામદારો દ્વારા સંચાલન અને સંગઠન પર તેમના અંકુશનો સમાવેશ થાય છે. 'સેવા'ની દલીલ એ છે કે જાહેર ક્ષેત્રમાં આર્થિક નિર્ણયો નાગરિકત્વના સિદ્ધાંતોને આધારે લેવાય છે, ખાનગી ક્ષેત્રમાં ખરીદશક્તિને આધારે નિર્ણયો લેવાય છે, જ્યારે લોકોના ક્ષેત્ર (પીપલ્સ સેક્ટર)માં પારસ્પરિકતા મહત્ત્વની છે. 'સેવા' માને છે કે અસંગઠિત કે અનૌપચારિક ક્ષેત્રના કામદારોનું ભાવિ લોકોના ક્ષેત્રમાં રહેલું છે. તેમને તેમાંથી લોકોના ક્ષેત્રમાં લઈ આવવા માટે અનેક પગલાંની જરૂર છે. જેમ કે, નવાં કાનૂની માળખાંમાં આ ક્ષેત્રનો સ્વીકાર, ખાનગીકરણની યોજનાઓમાં આ ક્ષેત્રની સામેલગીરી, લોકોના ક્ષેત્રને ટેકો આપનારી કરવેરાની અને નાણાકીય નીતિઓ. જો કે, 'સેવા' તેને મૂડીવાદનો સંપૂર્ણ વિકલ્પ માનતી નથી.

# દિલ્લીમાં ગરીબોને રોકડ રકમ આપવાના પ્રયોગનો અભ્યાસ

ગરીબોને સહાય પેટે રોકડ રકમ આપવી જોઈએ કે કેમ તેના વિશે દુનિયાભરમાં વિવાદ પ્રવર્તે છે. ભારત સરકારે ગરીબોને રોકડ રકમ આપવા માટેની યોજનાની શરૂઆત કરી છે. ત્યારે સેવા ભારત, નવી દિલ્લી અને દિલ્લી સરકાર દ્વારા સંયુક્તપણે દિલ્લીના રઘુવીરનગર વિસ્તારમાં આ યોજનાના અમલ અંગે એક વર્ષ સુધી એક પ્રયોગ જીએનસીટીડી અને સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (યુએનડીપી)ની પરિયોજનાના ભાગ સ્વરૂપે હાથ ધર્યો હતો. આ પ્રયોગનાં પરિણામો વિશે અહીં વિગતો આપવામાં આવી છે અને તેને આધારે રજૂ કરાયેલી ભલામણો પણ દર્શાવવામાં આવી છે. ગરીબોને રોકડ રકમ આપવાની યોજના વધારે અસરકારક રીતે કેવી રીતે ચલાવી શકાય તેનો નિર્દેશ અભ્યાસને આધારે કરાયેલાં સૂચનોમાંથી પ્રાપ્ત થાય છે.

## પ્રસ્તાવના

ભારતમાં જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા ગરીબોને અન્ન સલામતીની ખાતરી સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે. એપીએલ, બીપીએલ અને અંત્યોદય રેશન કાર્ડ ધરાવનારા પરિવારો તેનો લાભ લે છે. જો કે, સરકાર જાહેર વિતરણ વ્યવસ્થા માટે નાણાં ફાળવે છે પણ તેનો લાભ જેમને મળવો જોઈએ તેમને પૂરતા પ્રમાણમાં મળતો નથી. તેમાં બગાડ થાય છે, ભ્રષ્ટાચાર થાય છે અને તે બિન-કાર્યક્ષમ પણ છે. તેમાંથી ખૂબ મોટા પ્રમાણમાં અનાજનાં કાળાં બજાર થાય છે. યોગ્ય જથ્થામાં અને સારી ગુણવત્તાવાળું અનાજ ગરીબોને કદી મળતું નથી એમ ડી.પી. વાધવાના વડપણ હેઠળની એક કેન્દ્રીય સમિતિએ તેના ૨૦૦૭ના એક અહેવાલમાં જણાવ્યું હતું.

તેને પરિણામે જ અન્ન સલામતી માટે અને સામાજિક સુરક્ષાના એક સ્વરૂપ તરીકે ગરીબોને રોકડ રકમ આપવાનો એક વિકલ્પ તપાસવામાં આવ્યો છે, અલબત્ત, રોકડ રકમ આપવાના વિકલ્પથી બીજા જ પ્રકારના પડકારો ઊભા થવાની સંભાવના છે. એટલે દિલ્લી સરકાર અને સેવા દ્વારા જીએનસીટીડી અને સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (યુએનડીપી)ની પરિયોજના અંતર્ગત બીપીએલ પરિવારોને જો જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ મળતા અનાજને બદલે રોકડ રકમ આપવામાં આવે તો તેની શી અસર થાય છે તેનો વૈજ્ઞાનિક પદ્ધતિએ અભ્યાસ કરાયો.

## પદ્ધતિ

આ અભ્યાસનાં મહત્ત્વનાં લક્ષણો નીચે મુજબ છેઃ

૧. પશ્ચિમ દિલ્લીના રઘુવીરનગર વિસ્તારમાં જાન્યુઆરીથી ડિસેમ્બર-૨૦૧૧ દરમ્યાન આ અભ્યાસ હાથ ધરાયો હતો.

૨. ૪૫૦ બીપીએલ પરિવારોમાંથી ૧૦૦ પરિવારો પસંદ કરાયા કે જેમને રોકડ રકમ અપાઈ. એ ૧૦૦ પરિવારોને રેશનિંગની દુકાનેથી અનાજ લેવાની પરવાનગી અપાઈ નહોતી.

૩. રોકડ રકમ બીપીએલ પરિવારની મહિલાને નામે જ અપાઈ. તે માટે નજીકની બેંકમાં એક ખાતું ખોલવામાં આવ્યું. દર મહિને એ ખાતામાં રૂ. ૧૦૦૦ જમા કરાયા.

૪. બાકીના ૩૫૦ પરિવારોમાંથી ૨૦૦ પરિવારોને રોકડ રકમ અપાઈ નહોતી અને ૧૫૦ પરિવારો અભ્યાસમાં ભાગીદાર થયા નહોતા.

### રઘુવીરનગરના ગરીબ પરિવારોનું ચિત્ર

રઘુવીરનગરના પસંદ કરાયેલા આ બીપીએલ પરિવારોમાં ૧૦ ટકા મુસ્લિમો અને શીખો હતા. બાકીના હિંદુઓમાં ૫૫ ટકા અનુસૂચિત જાતિના હતા, ૧૯ ટકા અન્ય પછાત જ્ઞાતિના હતા અને ૬ ટકા આદિ જાતિના હતા અને અન્ય ૨ ટકા હતા. ૩૬ ટકામાં ઘરેલૂ કામવાળા, ડ્રાયવર, હેલ્પર, સલામતી રક્ષક વગેરે વ્યવસાયવાળા હતા. આ તમામ કામો અનૌપચારિક ક્ષેત્રનાં છે. માત્ર ૧ ટકા છૂટક મજૂરી કરતા હતા.

## મુખ્ય તારણો

### ૧. અન્ન સલામતી

રોકડ રકમ આપવાથી અનાજની ખરીદી ઘટે છે કે કેમ તે તપાસવામાં આવ્યું. તારણ એ છે કે રોકડ રકમ આપવાને પરિણામે પરિવારોની ખાદ્ય ચીજોની ખરીદીમાં કોઈ ઘટાડો થયો નથી. વળી, કેટલીક ખાદ્ય ચીજોની ખરીદીમાં તો મોટો વધારો થયો છે. એનો અર્થ એ છે કે રોકડ રકમ આપવાથી અન્ન સલામતી ઉપર વિપરીત અસર થતી નથી. વધુમાં, તેને લીધે પોષણક્ષમ આહાર પસંદ કરવાના વિકલ્પો વધ્યા છે. કઠોળ, ઈંડાં, માછલી અને માંસની વપરાશમાં વધારો થયો છે. જો કે, દૂધ અને દૂધની પેદાશો તથા શાકભાજીની વપરાશમાં પણ નોંધપાત્ર વધારો થયો હતો. જેમ કે, રોકડ રકમ લેનારા પરિવારોમાં

કઠોળ પાછળનું સરેરાશ ખર્ચ રૂ. ૨૩૯થી વધીને રૂ. ૩૦૯ થયું, દૂધ અને દૂધની પેદાશો માટે રૂ. ૬૯૦થી વધીને રૂ. ૧૦૦૪ થયું, શાકભાજી માટે રૂ. ૫૩૨થી વધીને રૂ. ૮૧૯ થયું અને ઈંડા, માંસ-મચ્છી માટે તે રૂ. ૧૮૩થી રૂ. ૩૧૫ થયું. પરંતુ રોકડ રકમ નહિ લેનાર પરિવારોની તુલનાએ તો રોકડ રકમ લેનારા પરિવારોમાં એનો ખાસ્સો તફાવત કઠોળ તથા ઈંડાં અને માંસ-મચ્છીના કિસ્સામાં દેખાય છે.

**૨. બળતણ**

આ પરિવારો રસોઈ માટે મોટા ભાગના કિસ્સામાં રાંધણ ગેસનો ઉપયોગ કરે છે. ઉપરાંત, તેઓ કેરોસિનનો ઉપયોગ કરે છે. રોકડ રકમ લેનારા પરિવારોમાં રાંધણ ગેસનો ઉપયોગ વધ્યો છે કે નહિ તે તપાસવામાં આવ્યું. બીપીએલ પરિવારોને રોકડ રકમ મળવાથી તેઓ  કેરોસિનની બદલે એલપીજીનો ઉપયોગ કરવા તરફ વળે એવું જરૂરી નથી. રોકડ રકમ નહિ લેનારા પરિવારો કરતાં લેનારા પરિવારોમાં પરિવર્તન ઓછા પ્રમાણમાં આવ્યું.

**૩. આરોગ્ય**

દિલ્લીમાં બીપીએલ પરિવારો સરકારી અને ખાનગી બંને પ્રકારની ખાનગી સવલતોનો ઉપયોગ આરોગ્ય માટે કરે છે. રોકડ રકમનો ઉપયોગ તેમણે આરોગ્ય સંભાળ માટે કર્યો છે કે કેમ તે પણ જાણવામાં આવ્યું એમ જાણવા મળ્યું કે ખાસ્સા પરિવારોએ રોકડ રકમ મળવાથી સારવાર માટે સરકારી સલવતોનો ઉપયોગ કરવાને બદલે ખાનગી હોસ્ટિપટલોમાં સારવાર લેવાનું પસંદ કર્યું હતું. જો કે, જે પરિવારોને રોકડ રકમ મળતી નહોતી તેમનામાં આ પરિવર્તન મોટા પ્રમાણમાં આવ્યું નહોતું.

**૪. સસ્તા અનાજની દુકાનોની કામગીરીમાં સુધારો**

કેટલાક પરિવારોને રોકડ રકમ આપવાની અસર એ પણ થઈ કે જાહેર વિતરણ વ્યવસ્થામાં સુધારો થયો. શરૂઆતમાં ૬૬ ટકા લોકોને સસ્તા અનાજની દુકાનોની વ્યવસ્થામાં ભારે મુસીબતોનો અનુભવ કરવો પડતો હતો, હવે માત્ર ૪૪ ટકાને જ એમાં તકલીફ પડતી હતી. આમ સસ્તા અનાજની દુકાનોની કાર્યક્ષમતામાં સુધારો થયો હતો.

**૫. મદ્યપાન**

ગરીબોને રોકડ રકમ આપવા માટે સામાન્ય રીતે એ દલીલ કરવામાં આવે છે કે રોકડ રકમનો ઉપયોગ અનાજ ખરીદવાને બદલે દારૂ પીવા માટે કરવામાં આવશે. જો કે, એમ જણાયું કે આ વાત સાચી નથી. જો કે, એ વાત નોંધવી જોઈએ કે રોકડ રકમ પરિવારની સ્ત્રીને અને તે પણ સીધી તેના નામના બેંક ખતામાં આપવામાં આવી હતી. ખરેખર તો, જેમને રોકડ રકમ નહોતી અપાઈ તેમના દારૂ પાછળના ખર્ચમાં વધારો થયો હતો પણ રોકડ રકમ જે પરિવારોને અપાઈ હતી તેમના દારૂ પાછળના ખર્ચમાં સાવ નજીવો જ વધારો થયો હતો.

**૬. મહિલાઓનું સશક્તિકરણ**

મહિલાને નામે તેના જ બેંક ખાતામાં રકમ જમા કરાઈ હતી. તેથી પરિવારમાં નિર્ણયો લેવામાં તેની વધારે મહત્ત્વની ભૂમિકા ઊભી થઈ. બચત, મૂડીરોકાણ, અન્ન પાછળનું નિયમિત ધોરણે થતું ખર્ચ અને બાળકોના શિક્ષણ માટે થતું ખર્ચ વગેરે બાબતોમાં નિર્ણયો લેવામાં મહિલાઓની ભૂમિકા વધી હતી.

## ભલામણો

અન્ન સલામતીના સાધન તરીકે રોકડ રકમ આપવી જોઈએ કે નહિ એ વિશે ભારે વિવાદ પ્રવર્તે છે. જો કે, આ પ્રયોગ  તેને એક સારા વિકલ્પ તરીકે જ જુએ છે એવું નથી. કેટલાક ગરીબ પરિવારો રોકડ રકમનો લાભ જૂએ છે તો કેટલાક પરિવારો અનાજ મળે તેમ જ ઈચ્છે છે. વધારે અસરકારક અને માનવીય રસ્તો એ છે કે બીપીએલ પરિવારોને રોકડ રકમ કે અનાજ વચ્ચે પસંદગી કરવાની છૂટ આપવામાં આવે. વર્ષના આરંભે કાર્ડધારકને પૂછવામાં આવે કે તે રોકડ રકમ પસંદ કરે છે કે કેમ. જો હા, તો તેણે બેંકમાં ખાતું ખોલાવવું પડે. એક વર્ષ પછી પસંદગી બદલી શકાય. પસંદગી આપવામાં આવે તો જરૂરિયાત સંજોગો અને સમજ મુજબ વિકલ્પ પસંદ થાય. પોતાને માટે શું જોયું છે એ નક્કી કરવાનું શાણપણ ગરીબોમાં છે એનો નીતિવિષયક સ્વીકાર તેમાં થાય છે. ઉદારીકરણને લીધે ભારતના મધ્યમ વર્ગને ઘણો લાભ થયો છે તો પછી એવું ઉદારીકરણ ગરીબો માટે કેમ નહિ? સામાજિક સુરક્ષાના વિકલ્પો વચ્ચે ગરીબ પરિવારોને શા માટે પસંદગીની તક ના આપવી જોઈએ? હાલ તેની તમામ ખામીઓ છતાં, જાહેર વિતરણ વ્યવસ્થા જ એકમાત્ર સુરક્ષા જાળ તરીકે પ્રાપ્ય છે. કોઈ સક્ષમ વિકલ્પ વિના જ એ દૂર કરાય તો તેનાથી ભારે રોષનું વાતાવરણ જન્મે. લોકોને અનાજ બદલે રોકડ રકમ સ્વીકરવાની ફરજ પાડવી એ તો દબાણ કહેવાય, કારણ કે ઘણા ગરીબ પરિવારો માને છે કે અનાજને બદલે આપવામાં આવતી રોકડ કદાચ અનાજને માટે નહિ વપરાય. વળી, ગરીબોને પસંદગી આપવામાં આવશે તો સરકાર અને વાજબી ભાવની દુકાનો બંને કાર્યક્ષમ બનશે. રોકડ રકમ આપવામાં આવશે એવી બીકે દુકાનો સારી રીતે ચાલશે અને જો રોકડ રકમ નિર્ધારિત સમયે આપવામાં નહિ આવે તો લોકો અનાજ ખરીદવાનું ફરી શરૂ કરશે. બીજો એક મુદ્દો નાણાકીય સમાવેશનો છે. શહેરી વિસ્તારોમાં લોકોનાં બેંકમાં ખાતાં છે. બેંકમાં ખાતું ખોલાવવાનું ખૂબ જ મુશ્કેલ હોય છે, ઘણી વાર અશક્ય હોય છે.

# અનિલ બોરડીયા : સાક્ષરતાના મસીહા

- રાજેશ ટંડન

અનિલ બોરડિયા એક મુલકી અધિકારી હતા. તેઓ શિક્ષણને લોકો સુધી લઈ જવા માટે અને દરેક ભારતીયને સાક્ષર બનાવવા સંવેદનશીલ હતા. તેમના આ પ્રયાસમાં તેમણે વિદ્વદ્જનો, કર્મશીલો. પત્રકારો અને શિક્ષણશાસ્ત્રીઓને જોડ્યા કે જેઓ અન્યથા સરકારી કામથી દૂર રહેતા હતા. તેમણે તંત્રની અંદર રહીને તેને બદલવા માટે અને તંત્રનાં પ્રતિગામી વલણોને ખાળવા માટે કાર્ય કર્યું. તેઓ શિક્ષણના પુરસ્કર્તા અને કર્મશીલ એવા મુલકી અધિકારી હતા. તેમનું તા-૨-૯-૧૨ના રોજ રાતે ૭૯ વર્ષની વયે અવસાન થયું. રાષ્ટ્રીય પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમ શરૂ કરાયો ત્યારે તેમણે સાક્ષરતા માટે સહભાગી તાલીમ પદ્ધતિ વિકસાવી અને શૈક્ષણિક સામગ્રી પણ તૈયાર કરાવી અને પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમને તેઓ મુખ્ય પ્રવાહમાં લઈ આવ્યા. તેમણે સ્વૈચ્છિક સંસ્થાઓને આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે અને મોટા પાયે સામેલ થવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. એ સમયે આ પગલાં ખૂબ જ જોખમી હતાં, પણ તેમણે ખાસ્સા ઉત્સાહ સાથે તે ભર્યાં હતાં.

૧૯૮૦ના દાયકામાં અનિલ બોરડિયાનું નામ શિક્ષણમાં નવતર બાબતો લઈ આવનારું બની ગયું હતું. શિક્ષણમાં વૈધિક અને અવૈધિક અભિગમોનું સંયોજન કરવામાં તેઓ અગ્રણી રહ્યા હતા. તેમના પ્રયાસોને લીધે જ રાજસ્થાનમાં મહિલા સામખ્યની શરૂઆત થઈ હતી અને તે પછી અન્ય રાજ્યોમાં પણ તેનો આરંભ થયો હતો જે ગ્રામીણ મહિલાઓના શિક્ષણ અને સશક્તિકરણ માટે મહત્ત્વનો હતો. એ એવો પ્રથમ સરકારી કાર્યક્રમ હતો કે જેમાં માત્ર મહિલા કર્મશીલોને જ મોટા પાયે શિક્ષક બનવા માટે પ્રોત્સાહન અપાયું હતું. જ્યારે જ્યારે પણ જિલ્લા સ્તરે કર્મશીલો, શિક્ષણકારો કે સ્થાનિક કાર્યકરોને સતામણી અને ધમકીનો અનુભવ થાય ત્યારે તેઓ બોરડિયાજીનો સંપર્ક કરતા હતા અને તેઓ શાંતિથી સમસ્યાઓને ઉકેલતા હતા. તેમની કારકિર્દીમાં સૌથી મહત્ત્વનો ગાળો ૧૯૮૭-૯૨નો હતો કે જ્યારે તેઓ ભારત સરકારમાં શિક્ષણ સચિવ હતા. શિક્ષણ નીતિ વિશે તેમણે મોકળા મને તમામ લોકોનાં મંતવ્યોને ધ્યાનમાં લીધાં હતાં. તેઓ અસંમતિસૂચક અભિપ્રાયોને સાંભળતા હતા અને ટીકાઓને પણ ધ્યાનમાં લેતા હતાં. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવામાં તેમણે એ રીતે પહેલી જ વાર સરકારનો તમામ હિતધારકો સાથે સંવાદ ઊભો કર્યો હતો.

શિક્ષાકર્મી તરીકે શિક્ષકોની ભરતી કરવાની શરૂઆત રાજસ્થાનથી થઈ અને તમામ રાજ્યોમાં તે પદ્ધતિ દાખલ થઈ. એ રીતે શિક્ષકોની ઘટ પૂરી કરવા માટે તેમણે પ્રયાસ કર્યો હતો. વળી, બોરડિયાજીએ સાક્ષરતાના પ્રસાર માટે ખૂબ જ પ્રયાસ કર્યા હતા. ૧૯૭૭-૮૦ દરમ્યાન બોરડિયાજીએ રાષ્ટ્રીય પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમ હેઠળ જે અનુભવોનું ભાથું ભેગું કર્યું હતું તેને આધારે જ ૧૯૮૮માં સામ પિત્રોડાના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સાક્ષરતા મિશનની શરૂઆત કરાઈ હતી. ૨૦૦૦ સુધીમાં સંપૂર્ણ સાક્ષરતા ઊભી કરવા માટે તેમણે સ્વૈચ્છિક સંગઠનો, શૈક્ષણિક સંસ્થાઓ અને રાજ્ય સંસાધન કેન્દ્રોને મોટા પાયા પર જોતર્યાં હતાં.

યુનેસ્કોએ ૧૯૯૦ના વર્ષને આંતરરાષ્ટ્રીય સાક્ષરતા વર્ષ તરીકે જાહેર કર્યું હતું. બોરડિયાજી આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ખૂબ જ સક્રિય હતા. તેમણે ભારતમાં જે શૈલી સંપૂર્ણ સાક્ષરતા સિદ્ધ કરવા માટે અપનાવી હતી તે તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ લઈ ગયા. થાઈલેન્ડમાં એપ્રિલ-૧૯૯૦માં સૌને માટે શિક્ષણ અંગે જે આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઈ હતી તેમાં દક્ષિણ એશિયા માટે બોરડિયાએ જ નેતૃત્વ સંભાળ્યું હતું. કેરળમાં કોટ્ટાયમ અને એર્નાકુલમ જિલ્લાઓમાં રાષ્ટ્રીય સાક્ષરતા મિશનનો પ્રયોગ સફળ થયો પછી ૧૯૮૯માં સંપૂર્ણ સાક્ષરતા અભિયાન બોરડિયાજીના નેતૃત્વમાં જ શરૂ થયું હતું. જો કે, નવમી અને દસમી યોજનામાં સાક્ષરતા સરકારની કાર્યસૂચિમાં રહી નહોતી. પછી ૨૦૦૯માં સાક્ષર ભારત કાર્યક્રમ શરૂ કરાયો હતો. બોરડિયાજી નિવૃત્ત થયા પછી પણ અવૈધિક અને નિરંતર શિક્ષણમાં તેમનો રસ ચાલુ રહ્યો હતો. તેમણે નિવૃત્તિ બાદ રાજસ્થાનમાં કિશોરો માટેનો 'લોક ઝુંબેશ' કાર્યક્રમ શરૂ કર્યો હતો અને છોકરા-છોકરીઓ માટે એમની ૨૦૦૦માં 'દૂસરા દશક' કાર્યક્રમની શરૂઆત કરી હતી. સશક્તિકરણ અને ન્યાયના વાહન તરીકે શિક્ષણને પ્રયોજવા માટે એમની લગન એટલી પ્રબળ હતી કે સરકારી તંત્ર તેમની સાથે કદમ મિલાવી શકતું નહોતું. પરંતુ તેમણે એ તંત્રની મર્યાદાઓને ઓળંગવા માટે અને તંત્રની બહાર મજબૂત સંબંધો જાળવવા માટે ભરચક પ્રયાસો કર્યા હતા. એક દૃષ્ટિવંત કેળવણીકાર તરીકે, સાક્ષરતાના પુરસ્કર્તા તરીકે અને અવૈધિક તથા નિરંતર શિક્ષણની ધરોહર તરીકે અનિલ બોરડિયા હંમેશાં યાદ રહેશે.

('ઈકોનોમિક એન્ડ પોલિટિકલ વીકલી'ના તા-૬-૧૦-૨૦૧૨ના લેખને ટૂંકાવીને)

**પૃષ્ઠ ૨૨નું શેષ**

અને અસમાનતા સામે લડવામાં જુદા જુદા દેશોના જે અનુભવો રહ્યા છે તે અગત્યના છે અને તેમને વિશે સંશોધનો અને આપ-લે થવાં જોઈએ.

**૪. નીતિનિર્ધારકો સુધીની પહોંચ**

નાગરિક સમાજનાં સંગઠનો, સામુદાયિક જૂથો અને વિદ્વાનો વચ્ચે જે વિચાર-વિમર્શ થાય તે હિમાયત માટે ઉપયોગમાં લેવાય અને નીતિઓના ઘડતર માટે કામમાં લાગે. સરકારી સંસ્થાઓ અને મંત્રાલયોને તેમાં સામેલ કરવામાં આવે. સ્થાનિક સ્તરથી માંડીને રાષ્ટ્રીય સ્તરના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સમુદાયો વચ્ચે સંવાદ ઊભો થાય એ જરૂરી છે.

**૫. વૈશ્વિક સ્તરની હિમાયતના પ્રયાસોને ટેકો**

વિવિધ દેશોની સરકારો અને વિવિધ પ્રાદેશિક સંગઠનો વચ્ચે વાટાઘાટો થાય એ જરૂરી છે. હિમાયતની પ્રક્રિયા સહિયારી હોય અને વિકાસલક્ષી એજન્ડાના મહત્ત્વનાં ઘટકોને આવરી લેનારી હોય તે મહત્ત્વનું છે.

**૬. લોકોની સામેલગીરી**

ઉત્તરદાયિત્વ માટે વ્યાપક વાતાવરણ ઊભું કરવા માટે વિશેષ પ્રયાસો કરવા પડશે. યુવાનો અને શહેરીજનોને પણ સામેલ કરવા પડશે, અને માધ્યોમોમાં વિકાસલક્ષી એજન્ડા વિશે ઝુંબેશ ચાલે તે માટે પ્રયાસો કરવાના રહેશે.

**૭. કંપનીઓનું ઉત્તરદાયિત્વ**

ખાનગી ક્ષેત્ર અને વિકાસલક્ષી એજન્ડા એ બંને વિરોધાભાસી બાબતો છે. પણ તેમ છતાં વિકાસ સિદ્ધ કરવા માટે કંપની ક્ષેત્રની સામેલગીરી પણ મહત્ત્વની છે. જમીનનું સંપાદન, પુનર્વસન અને નિયમનકારી માળખા વિશે ભારતમાં આ બાબતે જે સંવાદ શરૂ થયો છે તેવો સંવાદ અન્ય ક્ષેત્રોએ પણ થાય એ જરૂરી છે.


**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬
ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: sie@unnati.org
વેબસાઈટ: **www.unnati.org**

ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, ચોપાસની-પાલ બાય-પાસ લિંક રોડ, જોધપુર-૩૪૨૦૦૮, રાજસ્થાન.
ફોનઃ ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: jodhpur_unnati@unnati.org

**વધુ વિગત માટે સંપર્ક: દીપા સોનપાલ**, ઈ-મેલઃ sie@unnati.org, publication@unnati.org

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'.
મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોનઃ ૯૮૨૫૩૫૩૯૬૭

**ફક્ત અંગત વિતરણ માટે**